Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૩૮ મું
અંક ૧૧ મો

સંવત ૧૯૯૭
જેઠ



પ્રકાશકઃ—
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય

૧. કલ્યાણ-ભાવના ... .... ... .. ( મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ ) ૨૯૩
૨. સિંહાન્યોક્તિ ... ... ... ( કવિ રેવાશંકર વાલજી બધેકા. ) ૨૯૪
૩. જૈન આગમવાચનાનો ઇતિહાસ... ... ( મુનિશ્રી જ્ઞાનવિજયજી મહારાજ ) ૨૯૬
૪. નિર્ભય કોણ ? ... ... ... ... ૨૯૮
૫. અજિત સૂક્તમાળા ... ... ... ( મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) ૨૯૯
૬. ધર્મશર્માભ્યુદય મહાકાવ્યઃ અનુવાદ ... ... ( ડો. ભગવાનદાસ મં. મહેતા ) ૩૦૧
૭. પરમાત્માનું અધિરાજ્ય ... ... (મૂળ લે. શ્રી ચંપતરાયજી જૈની બાર.એટ.લો) ૩૦૪
૮. જિનવરમાં સઘળા દર્શન છે. ... ... ( શ્રી મોહનલાલ દી. ચોકસી ) ૩૦૭
૯. અહિંસાનું મહાત્મ્ય ... ... ... ... ... ૩૦૮
૧૦. પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો ? ( મુનિ શ્રી હંસસાગરજી મહારાજ ) ૩૦૯
૧૧. ભવ્ય-દર્શન ... .... .... ... ( મુનિ શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ) ૩૧૨
૧૨. શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજમાન વીશ વિહરમાન જિનેશ્વરોના પવિત્ર નામો તથા માતાપિતા, સ્ત્રી, આયુષ્ય, લંછન વિગેરેનું જાણવા યોગ્ય વર્ણન... ૩૧૩
૧૩. વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ... ૩૧૫
૧૪. ચર્ચાપત્ર અને નમ્ર સૂચના ... ... ... ... ... ૩૧૮
૧૫. સ્વીકાર અને સમાલોચના ... ... ... ... ... ... ૩૧૯


## શ્રી મહાવીર જીવનચરિત્ર.

### ( શ્રી ગુણસૂરિકૃત )

બાર હજાર શ્લોક પ્રમાણ, મૂળ પ્રાકૃત ભાષામાં, વિસ્તારપૂર્વક સુંદર શૈલીમાં, આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણીએ સં.૧૧૩૯ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુક્ત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઈન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રગટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવા પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો, પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક : ૩૮ મું : આત્મ સં. ૪૬ : વીર સં. ૨૪૬૭ : જેઠ :
અંક : ૧૧ મો : * * વિક્રમ સં. ૧૯૯૭ : જુન :

## કલ્યાણ-ભાવના.

સુપ્રભાતનો તે દિન કયારે ઊગશે, કયારે થાશે હૃદય-સરોજ પ્રફુલ્લ જો;
દૂર કરીને મનના સઘળા મેલને, કયારે જોશું મૂઢદશાની ભૂલ જો.
સુપ્રભાતનો...૧

ભવ-ભવસંચિત જડતા કયારે નાસશે, કયારે પ્રગટાવીશું અન્તરજ્યોત જો;
દારુણ મોહતિમિરને કયારે કાઢશું, કયારે થાશે જીવનમાં ઉદ્યોત જો.
સુપ્રભાતનો...૨

કયારે મમતા મારી સમતા પામશું, કયારે ખિલશે નિઃસ્પૃહતાનો રંગ જો;
વિકારવર્જિત જીવન કયારે જીવશું, મૂકી દઇને મોહક વિષયાસંગ જો.
સુપ્રભાતનો...૩

તૃષ્ણાની જ્વાલાને કયારે ઠારશું, કયારે શિખશું આત્મવિકાસક યોગ જો;
ભય કે લાલચ સામે અક્ષોભિત રહી, કયારે હણશું સર્વ કર્મના રોગ જો.
સુપ્રભાતનો...૪

કામ, ક્રોધ, મદ, માયા, લોભ વિદારીને, મોહરાજ્યને કયારે કરશું ભગ્ન જો;
પૂર્ણ વિરાગ, અહિંસક, સર્વ સુહૃદ બની, કયારે થાશું પૂર્ણ બ્રહ્મમાં મગ્ન જો.
સુપ્રભાતનો...૫

જામ-ખંભાળીયા (કાઠિયાવાડ)

—મુનિ ન્યાયવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सिंहान्योक्ति.

પક્ષ( પાંખ અથવા વગ )નો મહિમા.

वसंततिलका वृत्त.

उत्तुंगशैलशिखरस्थित पादपस्य,
काकोऽपि पक्कफलमालभते सपक्षः
सिंहो बली गजविदारणदारुणोऽपि,
सीदत्यहो ! तरुतले खलु पक्षहीनः ।

વહાલા વાચકબન્ધુઓ ! વગ( વસીલા )નો મહિમા તો સાંભળો.

પર્વતના ઉચ્ચ શિખરને મથાળે કોઈ આમ્રવૃક્ષ ઊગેલું છે. તેનાં અમૃત જેવાં પાકાં ફળો કાક પક્ષી (કાગડો) પક્ષના બળે મેળવી રહ્યો છે, એ જ પર્વતની તળેટીમાં-ભોંયતળીએ કોઇ મદોન્મત્ત સિંહ કે જે જબરદસ્ત હાથીને એક જ ઝપાટે હણી નાખવા જેવું બળ ધરાવે છે, છતાં તે પક્ષહીન ( પાંખરૂપી વગ વિનાનો) હોવાથી ઝાડનાં એ પકવ ફળો સામું જ જોઈને સીદાઈ રહ્યો છે ! !

મર્મજ્ઞ સજ્જનો ! જગતના વ્યવહારકાર્યોમાં પણ ઠામ ઠામ વગ-વસીલાનું પ્રાબલ્ય પ્રત્યક્ષ દેખીએ છીએ. એક અનુભવી કવિ કહે છે કે: –

કુંડળીયા છંદ.

વગ-વસીલો વિશ્વમાં, ઝાઝું જગમાં જોર,
જોગ વસીલો જેહને, ઉદય ભાગ્ય અંકોર;
ઉદય ભાગ્ય અંકોર, ચોર પણ ચતુર ગણાશે,
નહીં લેખામાં જેહ, તેહ પદવીધર થાશે,
કહે કવિજન સત્ય, ચાલીયો જગમાં ચીલો,
ઝાઝું જગમાં જોર, વિશ્વમાં વડો વસીલો. ૧

અરે ! કીડી જેવું ક્ષુદ્ર પ્રાણી પણ પુષ્પના સંયોગથી-વગથી ઠેઠ દેવના મસ્તક પર સ્થાન પામી શકે છે.

પુરાણપ્રસિદ્ધ વાત છે કે, સર્પ એ ગરૂડનું ભક્ષ છે. તે જ ગરૂડ જ્યારે શંકરનાં દર્શનાર્થે વિશ્નુના વાહનરૂપે આવે છે ત્યારે શંકરનો કંઠસ્થ સર્પ ગરૂડ સામે પ્રફુલ્લ ફણા કરી હુંકાર કરે છે, એ બળ સર્પનું નહીં જ પણ શંકરની વગનો જ પ્રભાવ. કવીશ્વર કહે છે કે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દોહરો.

શું કરીએ કે સુજન પણ, વગે વખાણે સ્વાદ;
વાજાં મધ્યે વિશ્નુને, ગમ્યો શંખનો નાદ.

વાડની વગ પામેલા વેલાઓ ઉચ્ચસ્થાને પહોંચે છે, એમ જ્યાં જોઇએ ત્યાં એટલે દેવ, દાનવ ને માનવમાં વગનું જોર જગજાહેર જોઈ શકાય છે.

'આત્માનંદ પ્રકાશ'પત્રના વિવેકી વાચકો ! આ અન્યોક્તિથી અને જગતના પ્રચલિત વ્યવહારના અનુભવથી વગનું જોર આપણે જોઇ શકીએ છીએ.

તો આપણે પણ વગ મેળવવા જરૂર ઉદ્યુક્ત થવું જ જોઈએ. ફેર માત્ર એટલો જ રાખીએ કે સંસારની સંપત્તિ-સમૃદ્ધિ પ્રાપ્ત કરવાની વગને વળગી રહેવા કરતાં એક એવી અનોખી વગ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરીએ કે જે વગ આ લોક અને પરલોકમાં પણ સરખી જ સહાયક થાય.

સંસાર અને સાંસારિક વગો તો ક્ષણિક લાભદાયી છે તેથી આપણે તો શ્રી પરમાત્માની જ વગ મેળવવી ઉચિત છે. એ વગ સર્વથા-સર્વદા અને સર્વત્ર આપણને સુખદાયક છે. એ વગ મેળવવા કશા કાવાદાવા, દાવપેચ, ધમપછાડા કે કૂડકપટ ( છક્કાપંચાની રમત )ની ગંધમાત્રની એમાં જરૂર નથી.

આ માનવજીવનની સફળતા-સાર્થકતા માટે તો શ્રી પ્રભુની વગ જ સર્વોત્તમ છે અને એ પ્રાપ્ત કરવાનાં સાધનો પણ સાદા, સરળ અને સાત્વિક ( સૌમ્ય ) છે. સદ્ધર્મ એ જ એ વગપ્રાપ્તિનો મહામંત્ર છે. સુનીતિભરેલું ચારિત્ર્ય અને સદ્ધર્મનાં શાસ્ત્રવિહિત કાર્યો (દાન, દયા, અહિંસા, પરમાર્થપ્રેમ અને સારા ય જગતની કલ્યાણવાંછક ઈચ્છા ) બસ ! આથી વધારે શ્રી પ્રભુની વગ મેળવવામાં કાંઈ જ જરૂર નથી.

સિંહ પક્ષહીન હોવાથી બળવાન છતાં અમૃતફળો ચાખવા નિરુપાય થયો, અને પક્ષવાળો ક્ષુદ્ર કાક એ સ્વાદ મેળવી શકયો; પણ આપણે તો સર્વજ્ઞ, સર્વાન્તર્યામી, સર્વનો સાક્ષીરૂપ શ્રી પરમાત્માની વગ જ મેળવીએ તો જરૂર જ ખરા અમૃતનો સ્વાદ ગમે તે સ્થળે સહજ પ્રાપ્ત કરીશું.

દોહરો.

વગ તો વિશ્વંભરતણી, સદાકાળ સુખકાર;
સિંહતણી અન્યોક્તિથી, ગ્રહીએ સૂક્ષ્મ સાર.

ભાવનગર-વડવા,
વૈશાક પૂર્ણિમા.

લી૦ જ્યાંત્યાંથી સારશોધક,
રેવાશંકર વાલજી બધેકા.
નિવૃત્તપરીક્ષક ગુ. શાળા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક-મુનિશ્રી જ્ઞાનવિજયજી મહારાજ.

# જૈન આગમવાચનાનો ઇતિહાસ.

**આજે** જૈન ધર્મના અનુયાયીઓ એટલું ગૌરવપૂર્વક ઉચ્ચારી શકે છે કે આજથી ૨૪૬૭ વર્ષ પૂર્વે થઈ ગયેલા ભગવાન્ મહાવીરના ઉપદેશની અમૃતવાણી તેમની પાસે વિદ્યમાન છે. ભગવાન મહાવીરદેવના મુખારવિંદથી "उप्पेइ वा, विगमेइ वा, धूवेइ वा।" એ ત્રિપદી સાંભળી શ્રી ગણધર મહારાજોએ દ્વાદશાંગીની રચના કરી. ભગવાન્ મહાવીરના મુખ્ય અગીયાર ગણધરોમાં પાંચમા ગણધર સુધર્માસ્વામીજી દીર્ઘાયુ હોવાથી બાકીના દશે ગણધરોનો શિષ્યપરિવાર તેમની આજ્ઞામાં સમ્મિલિત થઈ ગયો અને શ્રી સુધર્માસ્વામીજીની વાંચના જ કાયમ રહી તેથી આજે વિદ્યમાન એકાદશાંગી (અગીયાર અંગ) ભગવાન શ્રી સુધર્માસ્વામીપ્રણીત છે. સુધર્માસ્વામી વીર. નિ. સં. ૨૦ માં નિર્વાણ પામ્યા.

તેમની પાટ ઉપર શ્રી જંબૂસ્વામી આવ્યા અને આગમવાંચનાનો અખંડ પ્રવાહ ચાલુ રાખ્યો. તેમનું વીર નિ. સં. ૬૪ માં નિર્વાણ થયું. આપની પછી અનુક્રમે **શ્રી પ્રભવસ્વામી, શ્રી શય્યંભવસૂરિ, શ્રી યશોભદ્રસૂરિ અને શ્રી ભદ્રબાહુસ્વામી** થયા જેઓ સંપૂર્ણ **દ્વાદશાંગી**ના જ્ઞાતા, શ્રુતકેવલી અને યુગપ્રધાન હતા.

આમાંથી શ્રી શય્યંભવસૂરિજીએ પોતાના પુત્ર અને શિષ્ય શ્રી મનકમુનિજી માટે શ્રી **દશવૈકાલિકસૂત્રની** રચના કરી, જે અદ્યાવધિ વિદ્યમાન છે અને દરેક સાધુસાધ્વીઓ પ્રાથમિક અભ્યાસમાં આ સૂત્રના પ્રથમના ચાર અધ્યયનો જરૂર કરે છે. દશવૈકાલિક સૂત્રની મહત્તા જણાવતાં ક. સ. આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિજી પરિશિષ્ટ પર્વમાં લખે છે કે

कृतं विकालवेलायां, दशाध્યयनगर्भितम् ।
दशवैकालिकमिति—नाम्ना शास्त्रं बभूव तत् ॥ १ ॥
श्रुतांभोजस्य किंजल्कं, दशवैकालिकं ह्यदः ।
आचाम्याचम्य मोदन्तामनगारमधुव्रताः ॥ २ ॥

તેમનો સ્વર્ગવાસ વીરનિર્વાણ સં. ૭૫ માં થયો.

શ્રી ભદ્રબાહુસ્વામી પણ પ્રસિદ્ધ શ્રુતકેવલી થયા છે. તેમણે છેદસૂત્ર, આગમ અને નિર્યુક્તિઓ રચી છે. આચાર્યશ્રીના સમયમાં આગમવાંચના થઈ હતી.

તેમના સમયમાં બારવર્ષી દુકાળ પડ્યો હતો. દુકાળની નિવૃત્તિ પછી બધા સાધુઓ પાટલીપુત્ર(પટણા)માં એકત્ર થયા. તેમણે અગીયાર અંગ વ્યવસ્થિત કર્યાં. બારમા અંગના જ્ઞાન માટે શ્રી ભદ્રબાહુસ્વામીની જરૂર જણાઈ. શ્રી ભદ્રબાહુસ્વામીજી આ વખતે નેપાલ તરફ ધ્યાનમાં હતા. શ્રી સંઘે બે સાધુઓ તેમની પાસે મોકલ્યા અને કહ્યું કે આપ બારમા અંગનું જ્ઞાન-વાંચના આપો. શ્રી ભદ્રબાહુસ્વામીજીએ કહ્યું કેઃ અત્યારે તો હું ધ્યાનમાં છું, મને અવકાશ નથી. ત્યારે સાધુઓએ પૂછ્યું કે આપને વિનંતિ કરવા છતાં આપ સાધુસંઘની વિનંતિ માન્ય નથી રાખતા તો શ્રી શ્રમણસંઘની આજ્ઞાનો લોપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરનારને શું દંડ આવે? તેમણે કહ્યું: સંઘબહારનો દંડ આવે. સાધુઓએ કહ્યું કેઃ તે દંડ આપને આવશે. શ્રી ભદ્રબાહુસ્વામી સંઘની અમોઘ સત્તાથી પૂર્ણ પરિચિત હતા અને તરત જ કબૂલ્યું કે સાધુઓને મોકલો હું અમુક અમુક સમયે વાંચના આપીશ.

પરિશિષ્ટપર્વમાં તેનું બ્યાન નીચેના શબ્દોમાં ઉપલબ્ધ થાય છે.

"संघोऽथ पाटलीपुत्रे, दुष्कालान्तेऽखिलोऽमिलत् ।
यदङ्गाध्ययनोद्देशाद्यासीद्यस्य तदा ददे ॥ १७ ॥

ततश्चैकादशाङ्गानि श्रीसंघोऽमेलयत्तदा ।
दृष्टिवादं निमित्तं च तस्थौ किंचिद्धि चिन्तयन्॥१८॥

नेपालदेशमार्गस्थं भद्रबाहुं च पूर्विणम् ।
ज्ञात्वा संघः समाख्यातुं ततः प्रैषिन्मुनिद्वयम् ॥१९"

× × ×

શ્રી ભદ્રબાહુસ્વામી વાંચનાની ના પાડે છે ત્યારપછીનું વર્ણન પણ વાંચવા યોગ્ય છે.

"संघबाह्यः स कर्त्तव्य इति वक्ति यदा स तु ।
तर्हि तद्दण्डयोग्योऽसीत्याचार्यो वाच्य उच्चकैः ॥६५

ताभ्यां गत्वा तथैवोक्त आचार्योऽप्येवमूचिवान् ।
मैवं करोतु भगवान् ! संघकिंकरो त्वदः ॥६६॥

ત્યારપછી શ્રી સ્થૂલભદ્ર આદિ સાધુગણ પૂર્વનો અભ્યાસ કરવા જાય છે. બીજા શિષ્યો તો થોડું થોડું ભણી ચાલ્યા જાય છે; પરન્તુ સ્થૂલીભદ્રજી દૃઢતા, ધીરજ અને નિશ્ચલતાથી અભ્યાસ કરતા હતા.

શ્રી ભદ્રબાહુસ્વામીની ધ્યાનાવસ્થા પૂર્ણ થઇ અને ત્યારથી પૂરો સમય આપવા લાગ્યા.

શ્રી સ્થૂલીભદ્રજીએ દશ પૂર્વનો અભ્યાસ કર્યો. ત્યાં એક વાર તેમનાં બહેન જે સાધ્વીજી હતા **યક્ષા, યક્ષદિન્ના** વગેરે પોતાના ભાઇને વંદના કરવા આવ્યાં. શ્રી સ્થૂલભદ્રજીએ પોતાની શક્તિ બતાવવા સિંહનું રૂપ કર્યું. શ્રી ભદ્રબાહુસ્વામીને વંદી સ્થૂલભદ્રજી જે સ્થાને હતા ત્યાં યક્ષા, યક્ષદિન્ના પ્રમુખ સાધ્વીજી આવ્યા. ભાઇને બદલે વિકાલ સિંહ જોઇ તેઓ ડરીને શ્રી ભદ્રબાહુસ્વામીજી પાસે પાછા ગયા અને જણાવ્યું કે ત્યાં શ્રી સ્થૂલીભદ્રજીને બદલે સિંહ બેઠો છે. શ્રી ભદ્રબાહુસ્વામીજીએ જણાવ્યું કે એ જ સ્થૂલીભદ્રજી છે. યક્ષા, યક્ષદિન્ના પ્રમુખ પુનઃ ત્યાં આવ્યાં ત્યારે ભાઈને બેઠેલા દીઠા. વંદના કરી પૂછયું અમે અહીં આવ્યાં હતાં પણ આપ ન હતા. સિંહ બેઠો હતો. શ્રી સ્થૂલીભદ્રજીએ કહ્યું કે એ હું જ હતો. મેં મારા જ્ઞાનની શક્તિ તમને બતાવી.

આ પછી સ્થૂલીભદ્રજી જ્યારે શ્રી ભદ્રબાહુસ્વામીજી પાસે પાઠ લેવા ગયા ત્યારે શ્રી ભદ્રબાહુસ્વામીજીએ પાઠ–વાંચના આપવાની ના પાડી અને જણાવ્યું કે તમે અત્યારથી જ પોતાની શક્તિનો પરિચય આપવા લાગ્યા છો. શ્રી સ્થૂલીભદ્રજીને પોતાની ભૂલ સમજાઇ અને માફી માંગી, પુનઃ ભૂલ નહિ થાય એમ જણાવ્યું; પરન્તુ શ્રી ભદ્રબાહુસ્વામીએ ના જ પાડી. આખરે શ્રી સંઘે બહુ જ આગ્રહ કર્યો જેથી તેમણે કહ્યું કે સંઘના આગ્રહથી હું વાંચના તો આપીશ પણ છેલ્લા બાકી રહેલા ચાર પૂર્વોની અનુજ્ઞા નહિં આપું. આ શરતે છેલ્લા ચાર પૂર્વની વાંચના આપી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આ વાંચના પાટલીપુત્રની વાંચના કહેવાય[1] છે. શ્રી ભદ્રબાહુસ્વામી વી. નિ. સં. ૧૭૦માં સ્વર્ગવાસ પામ્યા.**

"वीरमोक्षाद्वर्षशते सप्तत्यग्रे गते सति ।
भद्रबाहुरपि स्वामि ययौ स्वर्गं समाधिना ॥१॥"*

—ચાલુ

૧ દિગંબર વિદ્વાનો એવું માને છે કે ભદ્રબાહુસ્વામીના સમયે બાર દુકાલી પડ્યો હતો. તેમણે સમ્રાટ ચંદ્રગુપ્તને દીક્ષા આપી દક્ષિણમાં જઇ અણસણ કર્યું હતું ઇત્યાદિ. પરન્તુ ઉપરના ઉલ્લેખથી દિ. માન્ય ઘટનાઓ નિતાન્ત અસત્ય અને પ્રમાણ રહિત સિદ્ધ થાય છે. બારવર્ષીય દુકાળ સમયે શ્રી ભદ્રબાહુસ્વામી નેપાલ દેશમાં હતા અને બાદમાં પણ જીવંત રહ્યા છે અને આગમવાંચના પણ આપી છે.

આવી જ રીતે સ્થાનકમાર્ગી સમાજના નૂતન ઇતિહાસલેખકો પોતાના નવીન સંપ્રદાયને ભગવાન્ મહાવીર દેવથી સંકલિત કરતાં લખે છે કે શ્રી ભદ્રબાહુસ્વામીના સમયના બાર દુકાલીના વિકટ સમયે શ્રી જિનવરેન્દ્રની મૂર્તિપૂજા તથા શ્વેતાંબર મત નીકળ્યો પણ તેમની આ માન્યતા નિતાન્ત અસત્ય અને પ્રમાણ રહિત જ સિદ્ધ થાય છે.

દુકાલ પછી પણ શ્રી ભદ્રબાહુસ્વામીજી જીવતાં રહ્યા છે. તેમણે બનાવેલી આવશ્યકનિર્યુક્તિ આદિમાં પણ જિનમૂર્તિના પાઠો છે. એકાદશાંગીમાં પણ જિનપ્રતિમાના પાઠો છે. અને આજ તો પુરાતત્ત્વવિદોએ ભગવાન્ મહાવીર સ્વામીજીના નિર્વાણ પછીનો ૮૪મા વર્ષના લેખથી સિદ્ધ કર્યું છે કે તે વખતે જૈન ધર્મમાં મૂર્તિપૂજા હતી. આ લેખ અજમેરના મ્યુઝીયમમાં વિદ્યમાન છે. ખરોષ્ટ્રી લિપિમાં છે.

આવી જ રીતે મોહન્જોડેરામાંથી પાંચ હજાર વર્ષની પ્રાચીન જૈન મૂર્તિઓએ જૈન ધર્મની પ્રાચીનતા સિદ્ધ કરી છે. આવી જ રીતે શ્વેતાંબર ધર્મ પણ પ્રાચીન જ છે કે જેનું વર્ણન આચારાંગસૂત્ર અને ચૌદપૂર્વધર શ્રુતકેવલી ભગવાન શ્રી ભદ્રબાહુસ્વામીજીકૃત પિંડનિર્યુક્તિ-ઓઘનિર્યુક્તિમાં વિદ્યમાન છે. એટલે સ્થા. સંપ્રદાયના વિદ્વાનો ન્યાયબુદ્ધિથી આ વસ્તુ વિચારી સત્ય સમજે એ જ જરૂરી છે.

સ્થા. સાધુ જેઠમલજીએ રચેલા **સમકિતસાર**માં જ્ઞાતાસૂત્રમાંના શ્રી દ્રૌપદીએ કરેલ જિનપ્રતિમાનું પૂજન અને તેની સમક્ષ કહેલ નમુથ્થણંનો પાઠ વિદ્યમાન છે. આ પુસ્તક જોરશોરથી સિદ્ધ કરે છે કે જિનમૂર્તિપૂજા પાછળની નથી.

( ચાલુ )

* પરિશિષ્ટ પર્વ શ્લો. ૩૭, સર્ગ ૧૦, પૃ. ૯૧

## નિર્ભય કોણ?

*જે ધર્મનું આચરણ કરતો હોય, જેણે માન તથા ક્રોધ જીત્યા હોય, જે વિદ્યાવડે વિનયને પામેલો હોય, જે અન્ય પ્રાણીને સંતાપ કરતો ન હોય, જે પોતાની સ્ત્રીથી જ સંતોષી હોય અને જેણે પરસ્ત્રીનો ત્યાગ કર્યો હોય છે તેવા પુરુષને આ જગતમાં કાંઇપણ ભય નથી.*

**—સુભાષિત પદ્યરત્નાકર ( ભાગ ૩ જો. )**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક: મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.

# અજિત—સૂક્તમાળા.

( ગતાંક પૃષ્ઠ ૨૭૨ થી શરૂ. )

(૫૧) સ્નાન કર્યા પછી પ્રભુની પૂજા ભાવથી કરો ને એમ પ્રાર્થના કરો કે તેમના જેવા સદ્‌ગુણો તમારામાં આવે.

(૫૨) હંમેશાં નિયમસર તમારો ખોરાક લેજો. ખોરાક સાદો ને રુચિ પ્રમાણે લેવાની ટેવ રાખશો તો દાક્તર અથવા વૈદ્યને ત્યાં કદી જવું પડશે નહિ.

(૫૩) તમારા પ્રસંગમાં આવતા માણસો સાથે હસમુખા ને શાંત સ્વભાવના થજો.

(૫૪) નિત્ય સૂઇ રહ્યા પહેલાં આખા દિવસના કામની નોંધ લેવા ભૂલશો નહિ.

(૫૫) તમારા ઉપર કોઈ માણસે ઉપકાર કર્યો હોય તો તમારી નોંધપોથીમાં લખી રાખજો ને તેને વખતસર મદદ કરજો.

(૫૬) યુવાવસ્થામાં એવું કાર્ય કરવું કે વૃદ્ધાવસ્થામાં સુખે દિવસો નિર્ગમન થાય.

(૫૭) જન્મપર્યંત એવું કાર્ય કરવું કે આવતા ભવમાં દુ:ખો વેઠવાં ન પડે.

(૫૮) અધમ પુરુષો વિઘ્નના ભયથી કોઇ પણ કાર્યનો આરંભ કરતા નથી.

(૫૯) વાંચનાર, જેણે તને ઉપકાર કર્યો હોય તેનો અપકાર કરવા કદી ઇચ્છીશ નહિ.

(૬૦) વિદ્યા ખર્ચ કરતાં ખૂટે નહિ તેવું એક અપૂર્વ ધન છે, માટે પૈસાનો સંગ્રહ કરવો તજી દઈ વિદ્યાનો સંગ્રહ (સંચય) કર.

(૬૧) સાથે એટલું યાદ રાખજે કે વિદ્યાનો ગર્વ કદી કરવો નહી; કેમ કે તારાથી વધારે વિદ્યાને ધારણ કરનારા પણ દુનિયામાં ઘણા છે.

(૬૨) વાંચનાર, તને મોક્ષસુખની વાંછા હોય તો સમ્યગ્‌જ્ઞાનની પ્રાપ્તિ કરજે.

(૬૩) સદાચારથી તારી આબાદી થશે તેમ ધારી સદાચારનું સેવન કર.

(૬૪) તારું શ્રેય વાંછતો હોય તો સત્‌પુરુષોનો સંગ કર, ગુણીજનની પર પ્રીતિ રાખ અને ઉત્તમ પુરુષોના કાર્યનું અનુકરણ કર.

(૬૫) ગંધ વિના ફૂલની શોભા નથી, દાંત વિના મુખની શોભા નથી, સત્યતા વિના વચનની શોભા નથી તેમ પુણ્ય વિના પુરુષ શોભાને પામતો નથી.

(૬૬) વૃતમાં શીલ(બ્રહ્મચર્ય)વ્રત ઉત્તમ, દાનમાં અભયદાન ઉત્તમ, ગુણમાં વિનય ગુણ ઉત્તમ તેમજ રૂપમાં ભગવંતનું રૂપ અને વચનમાં સિદ્ધાંતવચન ઉત્તમ જાણવું.

(૬૭) સંતોષથી સુખ મળે છે, સુખથી ધર્મ સાધી શકાય છે અને ધર્મથી મોક્ષ મેળવી શકાય છે; માટે સત્‌પુરુષોએ અત્યંત સંતોષ ધારણ કરવો યોગ્ય છે.

(૬૮) જેવી મતિ તેવી ગતિ, જેવી ક્રિયા તેવું કર્મ, જેવું તપ તેવું ફળ તેમ જેવો સંતોષ તેવું જ સુખ સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૬૯) વ્રતભંગ કરનાર જેવો કોઈ પાપી અને વ્રત પાળનાર જેવો કોઇ ધર્મી નથી.

(૭૦) પર્વતમાં મેરુ મોટો, દેવમાં ઇન્દ્ર મોટો, કેવળીમાં તીર્થંકર મોટા, ગ્રહમાં ચંદ્ર મોટો, સર્વ વ્રતમાં બ્રહ્મચર્યવ્રત મોટું તથા પર્વમાં પર્યુષણપર્વ મોટું છે તેમ મંત્રમાં નવકારમંત્ર મહાન્ છે.

(૭૧) સૂર્ય તરફ નજર કરવાથી આંખનાં તેજનો ક્ષય થાય છે તેમ પરસ્ત્રી તરફ નજર કરવાથી મનુષ્યોનું પુણ્યરૂપ તેજ ક્ષય પામે છે, માટે પરસ્ત્રી તરફ ખોટી દૃષ્ટિ કરવી નહિ.

(૭૨) માંસ, મદિરા, શિકાર, ચોરી, જુગાર, વેશ્યા તથા પરસ્ત્રીગમન એ સાત વ્યસનો ઘોર નરકમાં લઇ જનાર છે; માટે શાણા જનોએ તે સાતે અવશ્ય તજવા યોગ્ય છે.

(૭૩) હે જીવ ! પૂર્વે શુભ વા અશુભ કર્મ તેં બાંધ્યાં છે તે આ ભવમાં ઉદય આવવાથી તારે ભોગવવાં પડે છે, તેમાં બીજા ઉપર કોપ શામાટે કરે છે ? કેમ કે કોઇ કોઇને સુખ કે દુઃખ આપતું નથી. કર્યાં કર્મ પ્રમાણે ફળ મળે છે. "**જેવી કરે છે કરણી તેવી તુરત ફળે છે**" ભાવીભાવ બન્યા કરે છે તે માટે કષ્ટ પડે ત્યારે શોચ નહિ કરતાં ધીરજ અંગીકાર કરવી. દૈવ પ્રતિકૂલ હોય ત્યારે કોઈ રક્ષણ કરી શકતું નથી. બીજા તો નિમિત્ત માત્ર છે.

(૭૪) જે પોતાના સ્વામી, ગુરુ, શેઠ અગર મિત્રને વિશ્વાસ આપી તેનો ઘાત કરે છે તેને બંને લોકમાં સુખ મળતું નથી.

(૭૫) પંડિત પુરુષ તો તેને જ જાણવો કે જે સર્વ સામગ્રી પામી આત્મહિતમાં તત્પર થાય કે જેથી ફરી જન્મમરણ કરવાં પડે નહિં. રાજ્યાદિક પૌદ્ગલિક સુખ પામવું મુશ્કેલ નથી, પરંતુ સર્વજ્ઞકથિત ધર્મરહસ્ય પામવું બહુ કઠણ છે.

(૭૬) "ધર્મ" એ એક સંસાર–સાગરના તોફાની તરંગો ઓળંગવાની હોડી અને મોક્ષની અનુપમ લીલા દેખાડનારું વિમાન છે.

(૭૭) સર્વ તરફ શુદ્ધ પ્રેમથી જોશો તો દરેક જણ તમારી તરફ તેવી લાગણીથી જોશે.

(૭૮) જીવનના આશયો મહાન્ અને ઊંચા રાખો.

(૭૯) **રે જીવ** ! તું આ ભવમાં ધર્મ નહિ કરે તો તારે પરલોકમાં દહન, છેદન, ભેદન આદિ અનેક દુઃખો સહન કરવાં પડશે; માટે ધર્મને સૌથી ઉત્તમ જાણીને તેનું જ આદરમાન કર.

(૮૦) ડાહ્યા માણસો વિચાર કર્યા વિના કોઈ પણ કાર્ય હાથ ધરતા નથી.

( અપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા

મહાકવિ શ્રી હરિચંદ્રવિરચિત-

# શ્રી ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય.

સમશ્લોકી અનુવાદ (સટીક)

## તૃતીય સર્ગ.

(ગતાંક પૃષ્ઠ ૨૫૨ થી શરૂ.)

### અનુષ્ટુપ.

**ઉદ્યાન વર્ણન.**

ઉચ્ચૈ સ્તન શિખાવાળી, પત્રશોભા ધરાવતી;
વનાલી ભાળી ભૂપાલે, કહ્યું આમ પ્રિયા પ્રતિ. ૨૨.

"કાન્તારતરુ તો એહ, કામોન્માદકરા અતિ;
મધુપરાશિ(શ)યે યુક્ત, કરે ના આપણી પ્રીતિ? ૨૩.

અનેક વિટપે સ્પર્શ્યા, પયોધર તટે યુતા;
ભાખે ઉદ્યાનમાલા આ, પોતાની અકુલીનતા! ૨૪.

---

૨૨. ઉંચી (અથવા ઉંચા સ્તનવાળી) શિખાવાળી, તથા પત્રશોભા ધરાવતી એવી તે વનરાજિને જોઇ, તે **મહાસેન** રાજાએ પોતાની પ્રિયા પ્રત્યે આ પ્રમાણે ઉદ્ગાર કાઢ્યા.—અત્રે **શ્લેષ** આ પ્રમાણે: ઉચ્ચૈસ્તન=ઉંચા; ઉંચા સ્તનવાળી. પત્રશોભા=પાંદડાની શોભા; પીળ કાઢવી તે-ચિત્રામણી. અત્રે વન-શ્રેણી જાણે નવયૌવના સુંદરી હોય એવો ધ્વનિ છે.

૨૩. કામોન્માદકરા, મધુપરાશિથી (રાશયે) યુક્ત, એવા આ કાન્તારતરુ તો આપણને પ્રીતિ નથી ઉપજાવતા? અત્રે **શ્લેષ** આમ:—કાન્તારતરુતો=(૧) કાન્તા+તરુતો—ઉદ્યાનના વૃક્ષ તો.

(૨) કાન્તા+રત+રુતો—સ્ત્રીનો સુરતકાલીન અવાજ.

કામોન્માદકર=(૧) કામોન્માદ કરનારો, (૨) કામોન્માદથી કરાયેલો.

મધુપરાશિ(શ)યે યુક્ત=(૧) મધુપ+રાશિયે+યુક્ત—ભ્રમરગણથી યુક્ત.

(૨) મધુ+પર+આશયે+યુક્ત—મધુપરાયણ આશયથી યુક્ત.

૨૪. અનેક વિટપોથી (વિટોથી) સ્પર્શાયેલા પયોધર તટવાળી આ ઉદ્યાનમાલા પોતાની અકુલીનતા કરી રહી છે! **શ્લેષ** આમ:—વિટપે સ્પર્શ્યા=(૧) વિટપોથી-શાખાઓથી સ્પર્શાએલા, (૨) વિટોથી—ઇશ્કી લાલાઓથી સ્પર્શાએલા.

પયોધર=(૧) મેઘ,-(ડાળીઓ એટલી બધી ઉંચી છે કે તે મેઘને સ્પર્શે છે);

(૨) સ્તન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રક્તપલાશથી યુક્ત, કુંજરાજિત કેસરી;
સિંહ જેમ બગીચો આ, કોને વ્યાકુલ ના કરે ? ૨૫.

સૈન્ય કોલાહલે ઉડયા, પક્ષી જ્યાં-તે તરુ ઘણા;
પતાકા શું ઉડાવે છે, આગમનથી આપણા ? ૨૬.

ઉદ્યાને ભમતા અત્ર, ભ્રમરો કેરી શ્રેણિકા;
નીલમણિમયી લાગે, જાણે તોરણમાલિકા ! ૨૭.

પલ્લવભક્ષણે વ્યગ્ર, થયેલા સૂર્ય-અશ્વના;
ફીણલેશ દીસે જાણે, વૃક્ષાગ્રે ફૂલ—ઝુમખા ! ૨૮.

તુંગ તુરંગ ઊર્મિઓ, યુક્ત સૈન્ય સમુદ્રના
તીરે શેવાલનો પુંજ, જાણે ઉદ્યાન હોય ના ! ૨૯.

આમ્રની મંજરી કેરો, સ્વર્ણદંડ ઉછાળતો;
એલા લવંગ કર્પૂર, ચંપકોને હલાવતો; ૩૦.

અકુલીનતા=(૧) અકુલીનપણું, (૨)અ+કુ+લીનતા—અભૂમિલીનપણું, ઉંચપણું, ઉદ્યાનમાલા જાણે કુલટા હોય એવો ધ્વનિ છે.

૨૫. રક્તપલાશ યુક્ત, કુંજરાજિત, અને કેસર ઉલ્લાસતો એવો આ બાગ સિંહની જેમ કોને વ્યાકુલ નથી કરતો ?-શ્લેષ આમ;—

રક્તપલાશ=(૧) રાતા પલાશવાળો (૨) રુધિર-માંસ ખાનાર ( રક્ત+પલ+અશ ). કુંજરાજિત=(૧) કુંજોથી શોભતો (૨) કુંજર-હાથથી અજિત. કેસરી=(૧) કેસરના ઝાડવાળો (૨) કેસરાયુકત.

૨૬. સૈન્યના કોલાહલથી જ્યાં પંખીઓ ઉડી રહ્યા છે, એવા વૃક્ષો શું આપણા આગમનથી પતાકાઓ—ધ્વજાઓ ઉડાવી રહ્યા છે ! ઉત્પ્રેક્ષા. વૃક્ષો જાણે પ્રજાજનો છે, અને તે રાજા-રાણીના આગમને જાણે પક્ષીઓરૂપ ધ્વજાઓ ઉડાવે છે, એમ ધ્વનિ છે.

૨૭. આ ઉદ્યાનમાં ભમતી ભ્રમરોની પંક્તિ જાણે નીલમણિની બનાવેલી તોરણમાલા હોયની ! ઉત્પ્રેક્ષા.

૨૮. વૃક્ષોના અગ્રભાગે રહેલા ફૂલના ઝૂમખા છે, તે જાણે પલ્લવ ખાવામાં વ્યગ્ર થયેલા સૂર્યના અશ્વોના (મુખમાંથી નીકળેલા) ફીણ હોયની ! ઉત્પ્રેક્ષા.

૨૯. ઉંચા તુરંગો-અશ્વોરૂપ તરંગો જ્યાં ઉછળે છે, એવા સૈન્યરૂપ સમુદ્રના તીર પર, આ ઉદ્યાન જાણે શેવાલનો પુંજ હોયની ! રૂપક અને ઉત્પ્રેક્ષાનો સંકર.

સૈન્યને સમુદ્રનું રૂપક આપ્યું છે તેમાં અશ્વોનું ઉછળવું તરંગોના ઉછાળવા બરાબર છે; અને કાંઠા પર શેવાલ હોય તેને સ્થાને અત્રે ઉદ્યાન છે. ઉદ્યાન અને શેવાલના નીલપણાનું સામ્ય છે.

૩૦—૩૨. આમ્રમંજરીરૂપ સોનાનો દંડ જે ઉછાળી રહ્યો છે; એલચી—લવંગ-કર્પૂર—ચંપક વૃક્ષોને જે હલાવી રહ્યો છે; સરના જલકણની વૃષ્ટિના (બનેલા) મોતીના હારથી જે શોભી રહ્યો છે, લતારૂપ હસ્તાગ્ર—હાથના અગ્રભાગની સંજ્ઞાથી—ઇશારતથી જે પ્રેરણા પામી રહ્યો છે; અને ચંદનની સુગંધીથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સરની કણવૃષ્ટિના, મુક્તાહારથી રાજતો;**
**લતા હસ્તાગ્ર સંજ્ઞાથી, પુન: પ્રેરણા પામતો. ૩૧.**
**એવો ચંદન આમોદે, ચારુ આ વાયુ આવતો;**
**ઉદ્યાનભૂપનો પ્રિયે ! છડીદાર શું ભાસતો! ૩૨.**

(ત્રણુ શ્લોકનો સહસંબંધ)

**મુખે ચંદન ઉદ્દામ, તિલક ભરતી ખરે!**
**મ્હારૂં અક્ષત દૂર્વાથી, મંગલ વનશ્રી કરે. ૩૩.**
**એહ પ્રવાલહારિણી, મુદા ભ્રમરસંગતા;**
**વાયુ નર્તકના તાલે, નાચે જાણે વને લતા!" ૩૪.**
**પ્રિયાને એમ પ્રીતિથી, ઉદ્યાન એ બતાવતો;**
**ભૂપ ઔદ્ધત્યની જેમ, તત્ક્ષણ રથ ત્યાગતો. ૩૫.**

(ચાલુ-)

જે સુંદર છે;—એવો આ ઉદ્યાનરૂપ રાજાના છડીદાર જેવો વાયુ, આપણી તરફ આવી રહ્યો છે. અત્રે વાયુને છડીદારની **ઉપમા** આપી છે.

૩૩. મુખમાં ચંદનથી ઉદ્દામ તિલક ભરતી સતી વનલક્ષ્મી અક્ષત દૂર્વાથી મ્હારૂં મંગલ કરી રહી છે! **ઉત્પ્રેક્ષા. શ્લેષ**:—મુખમાં=મોઢા પર, અગ્રભાગમાં. ચંદન ઉદ્દામ તિલક=(૧) ચંદન કરતાં ઉદ્દામ–ઊંચા તિલક વૃક્ષ. (૨) ચંદનનું ઉદ્દામ–ઊંચું, તિલક–ચાંદલો.

અક્ષત દૂર્વાથી=(૧) અક્ષત (ચોખા) અને દૂર્વાથી–એક પ્રકારના ઘાસથી (૨) અખંડ દૂર્વાથી. અક્ષત–દૂર્વા મંગલ માટે વપરાય છે. વનશ્રી જાણે સૌભાગ્યવંતી હોય એવો **ધ્વનિ** છે.

૩૪. આ પ્રવાલ ધારણ કરનારી, અને આનંદથી ભ્રમરસંગતા એવી લતા, વનમાં જાણે વાયુરૂપ નર્તક–નચાવનારના તાલ પ્રમાણે નાચી રહી છે! **ઉત્પ્રેક્ષા.**

**શ્લેષ**–પ્રવાલ=પલ્લવો; વિદ્રુમો. ભ્રમરસંગતા=(૧) ભ્રમર+સંગત, ભ્રમરોયુક્ત;
(૨) ભ્રમરસં+ગત–ભ્રમરસને પામેલી.

વાયુ જાણે નૃત્યશિક્ષક–ઉપાધ્યાય છે, અને લતા જાણે તેની શિષ્યા છે, એમ **ધ્વનિ** છે.

૩૫. એવા પ્રકારે પ્રિયાને પ્રીતિપૂર્વક તે ઉદ્યાન બતાવતો **મહાસેન** રાજા, તત્ક્ષણ ઉદ્ધતપણાની જેમ રથનો પણ ત્યાગ કરતો હવો. (એ રથ પરથી નીચે ઉતર્યો.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમ્યગ્જ્ઞાનની કુંચી—

# પરમાત્માનું અધિરાજ્ય.

( ગતાંક પૃષ્ઠ ૨૭૬ થી શરૂ. )

સામાયિક દરમીયાન પ્રત્યેક મનુષ્યે પ્રસન્ન પ્રકૃતિથી, દરેક પ્રકારના સંક્ષોભી કે ઘૃણા–ભાવ આદિનું પોતાનાં ચિત્તમાંથી નિઃસારણ કરવું જોઇએ. સંસારનાં કોઇપણ હિત કે સ્વાર્થનો ક્ષણ પણ વિચાર ન સેવવો જોઇએ. આવી રીતે સામાયિક કર્યું હોય તો પરમાત્માના પરમ અંશરૂપ શાન્તિ અને ગાંભીર્યનો પ્રાદુર્ભાવ થાય છે. મનુષ્યની સદ્ય સ્થિતિ અને તેની સંભાવ્ય ઉત્કૃષ્ટ સ્થિતિ વચ્ચે જે મહાન્ અંતર છે તેનો વિચાર કરતાં, પ્રત્યેક મનુષ્યને સામાયિકની અનિવાર્ય આવશ્યકતા છે એમાં કંઇ શક નથી. કોઇ મનુષ્યે પરમાત્મપદ પ્રાપ્ત કરવું હોય તો તેનામાં પરમાત્માને અનુરૂપ ગુણો પ્રથમ આવવા જોઇએ. પરમાત્માને અનુરૂપ ગુણોની પ્રાપ્તિ થયા વિના, પરમાત્માએ સાથે ક્યાંથી સ્થાન મળે ? સામાયિકથી સંપૂર્ણ સદાચારની સિદ્ધિ થઈ શકે છે અને એ રીતે દિવ્યતાની સિદ્ધિ એ સામાયિકનું વિશિષ્ટ ધ્યેય છે. મનુષ્ય સદાચારથી ત્યાગી બને છે, ત્યાગથી મુક્તિને માર્ગે સંચરી શકે છે; છેવટે તેને જન્મ–મરણની જંજાળમાંથી શાશ્વત્ મુક્તિ પણ પ્રાપ્ત થાય છે.

માર્ગાનુસારી શ્રાવક સામાયિકમાં અનુરક્ત રહે છે. માર્ગાનુસારી શ્રાવક સંસારની ઉપાધિઓથી સાવ મુક્ત ન હોય છતાં આધ્યાત્મિક ઉન્નતિનાં સોપાન-રૂપ સામાયિક ઘણીયે વાર કરે છે. સામાયિકમાં તેને અનેરો આનંદ આવે છે. કેટલાક અત્યંત શ્રદ્ધાળુ ભાઇઓ અને બહેનોને સામાયિક પ્રત્યે એટલો બધો ભાવ આવી જાય છે કે, તેઓ રોજ એક એક, બબ્બે કે ત્રણ ત્રણ ચચ્ચાર સામાયિક પણ કરે છે.

સંસારનો ત્યાગ કરી સાધુ બનનારાઓમાં, ત્યાગની અપેક્ષા વિશેષ રાખી શકાય. જેઓ ખરા ત્યાગી અને ખરા સાધુ હોય તેઓ નિઃસ્પૃહતાની પ્રતિમૂર્તિરૂપ હોય. તેમનું આખુંયે જીવન સામાયિક-રૂપ બની રહે છે.

આત્માનો જેમ જેમ વિકાસ થયા કરે છે તેમ તેમ ધ્યાનનાં સ્વરૂપમાં પરિવર્ત્તન થયા કરે છે. ધ્યાનનો પ્રકાર ન બદલાય ત્યાં સુધી તેનાં સામાન્ય સ્વરૂપ એક જ રહે છે. ધર્મધ્યાનની સ્થિતિમાંથી પસાર થઇને, આત્મા શુક્લધ્યાનમાં પ્રવેશે છે. શુક્લધ્યાન એ આત્માનું વિશુદ્ધમાં વિશુદ્ધ સર્વોચ્ચ ધ્યાન છે.

પાપનો સહૃદય પશ્ચાતાપ, ભાવિ પાપોનાં શક્ય નિવારણનો નિશ્ચય, ત્યાગભાવનો વિકાસ, ભૌતિક લાલસાને તિલાંજલી અને તીર્થંકરાદિની સ્તુતિ કે ભક્તિ એ બધું સામાયિકમાં આવી જાય છે. પાપનો પશ્ચાતાપ અને પાપ ન કરવાના નિશ્ચયમાં પાપનું ઉન્મૂલન કરવાનું સ્તુત્ય ધ્યેય છે. પરમાત્માની સ્તુતિ કે ભક્તિથી સ્વકીય દિવ્યતાનો વિકાસ થાય છે. ભૌતિક લાલસાઓના પરિત્યાગથી શરીર આદિ ભૌતિક વસ્તુઓ પરનો મોહ કમી થાય છે. સામા-યિકથી જે અપૂર્વ લાભો સંભવી શકે છે તેમાંનો એક પણ લાભ પ્રાર્થનાથી સંભાવ્ય નથી એ નિર્વિવાદ છે. ધ્યેયની સિદ્ધિ થાય એવું પ્રાર્થનાનું કોઇ લક્ષબિન્દુ જ હોતું નથી.

પ્રાર્થના અને સામાયિકનું પૃથક્કરણ આધુનિક દૃષ્ટિએ નીચેના કોષ્ટકમાં આપવામાં આવ્યું છે. એ ઉપરથી બન્ને વિષે યોગ્ય તુલના થઈ શકે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| પ્રાર્થના. | | સામાયિક. |
|---|---|---|
| પાપ માટે ક્ષમા–યાચના અને કૃપાદ્રષ્ટિ માટે પ્રભુને પ્રાર્થના. | ૧ | પાપ માટે પશ્ચાતાપ; ભવિષ્યમાં અને તેટલાં પાપ ન કરવાનો નિર્ણય. |
| | ૨ | સમભાવ અને પરમસુખની પ્રાપ્તિજનક ત્યાગવૃત્તિ. |
| | ૩ | સ્વાશ્રયથી જ પરમાત્મપદ પ્રાપ્ત કરેલા તીર્થંકરોની સ્તુતિ. |
| વિશ્વનિયંતા ગણાતા ઇશ્વરની તોલે કદાપિ ન આવે એવા આત્માની આવેશયુક્ત ઇશ્વરને પ્રાર્થના. | ૪ | શરીર આદિ ભૌતિક વસ્તુઓના વ્યામોહનો પરિત્યાગ. |

પ્રાર્થનામાં આત્માનાં દિવ્ય સ્વરૂપનો કોઈ રીતે સ્વીકાર થતો નથી તેમ ઉપરનાં કોષ્ટક ઉપરથી જણાય છે. પોતાના આત્માને બદલે બીજાનો આશ્રય એ પણ પ્રાર્થનાનું વિશિષ્ટ સ્વરૂપ છે એમ પ્રત્યક્ષ રીતે માલૂમ પડે છે. જો પ્રાર્થનાનાં આ બે જ વિશિષ્ટ તત્ત્વો હોય તો તેમાં પ્રશંસાસ્પદ કંઇયે નથી એ દેખીતું છે. એ બન્ને તત્ત્વો સાવ નિરર્થક છે. એ બન્ને વાંધાભર્યાં તત્ત્વો સર્વથા પરિહાર્ય છે. પ્રાર્થનાનાં આ અનિચ્છનીય તત્ત્વોથી આત્માને અનિષ્ટ પ્રકારનું ઉદ્બોધન મળે છે જેથી આત્માનું અનિષ્ટ જ થાય છે.

સામાયિકનું સ્વરૂપ પ્રાર્થનાથી તદ્દન ઉલટું છે. સામાયિકનો કારકદ્રષ્ટિએ આત્માનાં પરમ લક્ષબિન્દુ સાથે પ્રત્યક્ષ રીતે સંબંધ છે, અને એ રીતે તે આત્માને પરમ લાભદાયી છે. સામાયિક એ આત્મવિકાસ અને આત્મશ્રેયની સત્ય રીતિરૂપ છે.

પ્રાર્થનાનું પૂર્વકાલિન સ્વરૂપ હાલના જેવું નિકૃષ્ટ કોટિનું ન હતું. પ્રાર્થનાનાં અસલ સ્વરૂપમાં અનેક કારણે પરિવર્ત્તન થયા કર્યાંથી, પ્રાર્થનાનું સ્વરૂપ છેક હલકી કોટિએ આવી પડયું છે. ધર્મશાસ્ત્રોના અસત્ય અવબોધથી પ્રાર્થનાનું સ્વરૂપ આટલું બધું વિકૃત બન્યું હોય એમ સંભવિત જણાય છે.

ઉદ્બોધનના નિયમને આશ્રીને અધિષ્ઠાન ચિત્ત જે કંઈ કાર્ય કરે છે તે ઉપરથી આત્માની પ્રતિબોધ દ્રષ્ટિએ પ્રાર્થનાની કાર્યસાધકતા જણાય છે. ઉદ્બોધન ભાવનો જેટલે અંશે અમલ થાય છે તેટલે અંશે પ્રાર્થનાની કાર્યસાધકતા દેખીતી રીતે લાગે છે.

પ્રાર્થના એટલે શ્રદ્ધા એ પ્રાર્થનાનું ખરૂં સ્વરૂપ છે. શ્રદ્ધા હોય અને કોઈ વસ્તુની અભિવાંચ્છના થાય તો તે અવશ્ય મળી રહે છે. શ્રદ્ધારૂપ પ્રાર્થનાથી વ્યાધિઓનું નિવારણ થાય છે. અનેક આશ્ચર્યકારી કાર્યો થઈ શકે છે. શ્રદ્ધા ન હોય તો કંઇ પણ કાર્ય થઇ શકતું નથી. શ્રદ્ધાનો નાશ થાય એટલે એક વખતનાં સુકર કાર્યો દુર્ઘટ બને છે. શ્રદ્ધા ન હોય તો એક મહાન્ ગણાતા પુરૂષથી પણ કોઇ સંગીન કાર્ય થઇ શકતું નથી. શ્રદ્ધારૂપ પ્રાર્થનામાં બીજાની સહાયની લેશ પણ અપેક્ષા નહોય. શ્રદ્ધારૂપ પ્રાર્થના માનસિક ત્યાગભાવથી પરિપૂર્ણ જ હોય.

સ્વામી રામતીર્થે પોતાના એક ગ્રંથમાં પ્રાર્થનાનું રહસ્ય બરોબર સમજાવ્યું છે. સ્વામીજીનું પ્રાર્થના વિષયક મંતવ્ય નિમ્ન પ્રકારે છે.

" કેટલાક મનુષ્યો અન્ન માટે દરરોજ પ્રાર્થના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે. પણ અન્ન એજ જીવન નથી, અન્ન એકલાથી જ જીવાય છે એમ કોઇ રખે માને. વળી અન્નની પ્રાર્થનામાં પણ વસ્તુતઃ અન્નાદિનો ત્યાગભાવ છે. કેટલાક રાજાઓ વિગેરે પણ અન્નમાટે નિત્ય પ્રાર્થના કરે છે, શું તેમને પણ અન્નનો ટોટો છે? ના, નહિ જ. તાત્પર્ય એજ કે, અન્નની પ્રાર્થના અન્નાદિનો ત્યાગભાવ સૂચવે છે. અન્નની પ્રાર્થના એટલે અન્ન માટે પ્રભુને યાચના કર્યા કરવી એવો અર્થ નથી થતો. પ્રાર્થનાનું આ રહસ્ય સૌ કોઇએ સમજવા જેવું છે. જેમને કોઇ પણ કાળે અન્નનો ટોટો ન પડે એવા માલેતુજાર મનુષ્યોએ પણ પ્રાર્થનાનું આ રહસ્ય બરોબર સમજીને જ પ્રાર્થના કરવી જોઇએ. અન્નની પ્રાર્થના કોઈ ભૌતિક સંપત્તિ માટે પણ પરમાત્માને પ્રાર્થના કરવાની ન હોય. એ પ્રાર્થના એવી છે જેમાં દ્રવ્ય આદિ સર્વસ્વનો મોહ ઉલટો છોડવાનો જ છે. બને તેટલો પરિત્યાગ ભાવ કેળવવાનો છે. આવી ભાવનાથી મનુષ્ય સાધુરૂપ બને છે.''

જે પ્રાર્થનામાં પરિત્યાગ, સ્વાશ્રય અને સુશ્રદ્ધા ન હોય તે પ્રાર્થના ખરા જ્ઞાની પુરૂષોને અર્થરહિત લાગે છે. આત્મા સિવાય બીજા કોની પ્રાર્થના કરવાની હોય? આત્મા સિવાય આત્માને બીજું કોણ મદદ કરે! આત્માની પરિસ્થિતિ આત્માથી જ બદલાઇ શકે છે. આત્માની સ્વીકૃત પરિસ્થિતિમાં આત્મા વિના બીજા કોઇથી લેશ પણ પરિવર્ત્તન જ થઇ શકે. આત્મા જ આત્માને મદદ કરે છે કોઈ પરમાત્મા આત્માને બહારથી મદદ નથી કરતો. સર્વ પ્રકારનાં દુઃખ આદિનું નિવારણ અંતરથી જ સંભવે છે. પ્રાર્થનાથી અરણ્યરૂદન કરવાનો કંઈ અર્થ જ નથી.

દરેક આત્માનું વસ્તુ સ્વરૂપ સંપૂર્ણ સ્વાશ્રયી છે, પ્રત્યેક આત્મા પોતાના ભાગ્યનો વિધાતા છે. યથાયોગ્ય પુરૂષાર્થ ફોરવવાથી આત્માને મુક્તિ પણ મળે છે. બીજા કોઇની કૃપાથી મુક્તિ મળે એવી માન્યતા આત્માની અપૂર્વ શક્તિનું ઘોરમાં ઘોર અજ્ઞાન છે.

સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે—

"પ્રત્યેક મનુષ્ય પોતાને કારાગ્રહવાસી બંદીવાન જેવો લેખી સદૈવ કહેવાતા મુક્તિદાતાની રાહ જોયા કરે છે. મુક્તિદાતાને વારંવાર બોલાવે છે અને તેને પ્રાર્થના પણ કરે છે. કહેવાતા મુક્તિદાતાનાં આગમનની અહર્નિશ પ્રતીક્ષા કર્યા કરે છે. શ્રદ્ધા અને ઉત્કંઠામાં મુક્તિદાતાની પ્રતિક્ષા કરતાં ઘણોયે કાળક્ષેપ થઇ જાય તોપણ મુક્તિદાતાનું આગમન નથી થતું. મુક્તિનો સમય આવે ત્યારે કારાગ્રહનાં દ્વાર ખખડતાં હોય એવો કંઇ અવાજ સંભળાય છે. આથી મનુષ્ય (કેદી) ઉઠીને ઉભો થઇને બહાર ડોકીયાં કરે છે. પણ તેની દ્રષ્ટિમાં કોઇ બહાર નથી દેખાતું. આથી તે પાછો બેસી જાય છે ફરીવાર બારણાંનો પાછો ખખડાટ થાય છે. આ વખતે કોઈ દષ્ટિગોચર નથી થતું. આમ છતાં શ્રદ્ધા પોતાનું કાર્ય કર્યે જાય છે. કારાગ્રહનું દ્વાર ખુલી જાય છે. એ દ્વાર કોઇ બીજાએ નહિ પણ કારાગ્રહના કેદીએ જ ખોલ્યું છે. તાત્પર્ય એ કે દેવો અને દેવીઓની ખોજ કરતાં, મનુષ્ય પાછો પ્રારંભસ્થાન ઉપર જ આવે છે. મનુષ્યનું આત્મા પ્રત્યેજ અભિગમન થાય છે. મંદિરો આદિમાં જે પ્રભુની શોધ થતી હતી તે પ્રભુ પોતાના આત્મામાં બિરાજેલો છે એવું ભાન થાય છે. પ્રભુ હવે વિશ્વના અધિષ્ઠાતા કે દિવૌકસ્રૂપે નથી ભાસતો; આત્મા પોતે જ પ્રભુ છે એવો પ્રતીતિ યુક્ત સાક્ષાત્કાર થાય છે. અનેક પ્રકારના મોહ, સંક્ષોભ અને ભ્રમજનક વિષય લાલસાઓનો સર્વથા વિનાશ પરિણમે છે. આત્મા પરમાત્મારૂપે શાશ્વત્ સુખનો અધિરાજા બને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લે. ચોકસી

# જિનવરમાં સઘળા દર્શન છે.

[ ગતાંક પૃષ્ઠ ૨૮૧ થી શરૂ. ]

(૨)

યોગીરાજ આનંદઘનજીએ શ્રી નમિનાથ પ્રભુના સ્તવનમાં ષડ્દર્શનમાંના જૈન દર્શન સિવાયના પાંચનો, પરમાત્મા નમિનાથને કલ્પવૃક્ષની ઉપમા આપી એ તરુના અંગરૂપે અપેક્ષાથી સુંદર સમન્વય, ટુંકા સ્તવનમાં મુદ્દાસર કરી દેખાડ્યો છે. એ દર્શન પંચક 'નય' ના દૃષ્ટિબિન્દુથી જોતાં પોતપોતાની રીતે સાચા છે પણ 'નય' એ પૂર્ણ સત્ય નથી જ. એ તો એક માત્ર માર્ગ છે. જ્યાં લગી સાત 'નય' નો સમન્વય સાધવામાં ન આવે ત્યાં લગી સત્યના દર્શન 'ખ' કુસુમવત્ અશકય છે. સમન્વય-સ્યાદ્વાદ માર્ગથી જ શકય બને છે એટલે જિનદર્શનની અપેક્ષા ધ્યાનમાં રાખી અન્ય પાંચ દર્શનનો વિચાર કરીએ તો એમાંથી સરલતાપૂર્વક સત્યનો નિચોડ કહાડી શકાય. પ્રસ્તુત સ્તવનમાં એ પ્રયત્ન કરવામાં આવ્યો છે તે તરફ દૃષ્ટિપાત કરીએ. યોગીરાજ જબરા અધ્યાત્મી પુરૂષ હતા. એ મહાત્માના પ્રત્યેક પદમાંથી અધ્યાત્મના ઝરણા ઝરી રહેલા દૃષ્ટિગોચર થાય છે. મુમુક્ષુ આત્મા એમના નાના મોટા દરેક પદોમાંથી કિંવા ચોવીશીના સ્તવનોમાંથી સાચી અધ્યાત્મદશાનો સાક્ષાત્કાર કરી શકે છે. ઉપમિતિ ભવપ્રપંચ કથાના રચયિતા પ્રભાવિક સંતશ્રી સિદ્ધર્ષિ મહારાજ 'લલીતવિસ્તરા વૃત્તિ'ની રચના અને એથી પોતાને થયેલ ઉપકાર સારૂ જેમ પ્રભાવિકસૂરિ મહારાજ શ્રી હરિભદ્રસૂરિને પોતાના ગુરુપદે સ્થાપન કરે છે તેમ મુમુક્ષુ આત્મા અર્થાત્ અધ્યાત્મમાર્ગનો પથિક જરૂર શ્રી આનંદઘન ઉર્ફે શ્રી લાભાનંદજી મહારાજને પોતાના ગુરુપદે સ્થાપી લ્યે તો એમાં કંઈ અજુકતુ ન લેખાય. ટુંકમાં કહેવાનું એટલું જ કે તેમની કૃતિઓમાંથી જે ઝરણા વહન કરતાં જણાય છે એમાં અધ્યાત્મરસની અજબ ખુમારી ભરેલી છે.

સ્તવનની બીજી કડીમાં, સાંખ્ય અને નૈયાયિક નામના બે દર્શનને, કલ્પવૃક્ષ સમાન નમિનાથ પ્રભુના-ચરણોની ઉપમા આપે છે; કેમકે એ બન્નેમાં આત્માની સત્તા પર ખાસ વજન મૂકવામાં આવેલું છે. અર્થાત્ એ ઉભય દર્શન આત્મસત્તાના વિવેચન કરનારા છે. સાંખ્યદર્શન કહે છે કે આત્મા માત્ર પુષ્કરપત્રવત્ નિર્લેપ છે ને જે કંઇ લેપ છે તે પ્રકૃતિને છે. નૈયાયિક આત્મા માત્રમાં સત્તા તો એક જ માને છે છતાં એક જીવાત્મા અને બીજો પરમાત્મા એવા બે ભેદ પાડે છે. જીવાત્માને માત્ર કાર્યનું કારણ લેખી પરમાત્માને કર્ત્તા માને છે. જો કે જૈનદર્શનની પદ્ધતિએ વિચારતાં આ મંતવ્ય સંપૂર્ણ ન જ ગણાય છતાં નયની અપેક્ષાએ-કેવળ આત્મત્વ પ્રતિ મીંટ માંડતાં એમાં તથ્ય છે. દેહરૂપ સારાયે અંગનો આધાર જેમ પગો છે તેમ આત્મશક્તિના સ્વરૂપને પિછાનનારા આ બે દર્શનો ચરણ જેટલું મહત્વ ધરાવે છે. આમ પગની વાત કર્યા પછી તરત જ બે હાથની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાત પર આવે છે અને પસંદગીમાં બૌદ્ધ દર્શન તેમજ મીમાંસક દર્શન અગ્રપદ પ્રાપ્ત કરે છે. બૌદ્ધમત યાને ભગવાન સુગત ભાખે છે કે આત્મા ક્ષણે ક્ષણે બદલાય છે. મીમાંસક આત્માને નિત્ય અકર્ત્તા માને છે. ત્રણે કાળ સ્વરુપે અભેદ માને છે. કહ્યું છે કે-

**એક એ વહી ભૂતાત્મા,**
**ભૂતે ભૂતે વ્યવસ્થિતઃ**
**એકધા બહુધા ચૈવ,**
**દ્રશ્યતે જલ- ચંદ્રવત્.**

વળી **એકઃ સર્વગતો નિત્યઃ પુનઃ વેદે,**
**વિગુણો ન બધ્યતે, ન મુચ્યતે.** ઈત્યાદિ.

આમ આ મંતવ્ય પાછળ પણ આત્મશક્તિના વહેણ સાવ સૂકાઇ નથી જતાં. જો કે ઉપર વર્ણીત હાથપગની ઉપમા અર્થાત્ સાંખ્ય, નૈયાયિક, સૌગત અને મીમાંસકે એ સર્વને સમજવા સારૂ ગુરુમહારાજની સ્હાય જીજ્ઞાસુ માટે આવશ્યક છે જ.

સારાંશમાં કહેવાનું એટલુંજ કે જૈન દર્શન જેમ અપેક્ષાથી આત્માને મહત્વ આપી એના સ્વરૂપચિત્રણમાં સંખ્યાબંધ પાના રોકે છે તેમ આ મતોમાં પણ આત્માની મહત્તા ગવાયેલી છે. ફક્ત જે ફરક છે તે અપેક્ષા પ્રતિ લક્ષ્ય રાખી પિછાન કરવામાં છે.

આત્મા આદિ પદાર્થોને વ્યવહારનયથી અવલોકીએ તો બૌદ્ધનું મંતવ્ય 'ક્ષણે ક્ષણે ભિન્નત્વ' સાચું ઠરે છે. એવી જ રીતે મીમાંસક વસ્તુને અભેદ માનતો હોવાથી નિશ્ચયનયના કાંટે તોલતાં આત્મપ્રમુખ સર્વ પદાર્થ પોતપોતાના લક્ષણથી ત્રણે કાળમાં અભેદ છે. એવો નિર્ણય બહાલ રહે છે. એમ આ બે દર્શન વ્યવહાર ને નિશ્ચયનયના માત્ર અપેક્ષી છે. પણ નમિનાથ પ્રભુનું કે જૈન દર્શનનું પ્રવર્તન તો એક નય આશ્રયી છે જ નહિં; પણ નિશ્ચય-વ્યવહારરૂપ બેલડી પર અવલંબે છે. તેથી બૌદ્ધ તે વામ કરરૂપ છે અને મીમાંસક તે દક્ષિણ કરરૂપ છે. આ તત્ત્વની વાત ઝીણી હોવાથી એ પાછળનો આશય સમજવામાં કઠિનાશ છે. એટલે ગુરુગમની આવશ્યકતા છે. આ રીતે ચાર અંગની વાત થઈ. —(ચાલુ)

---

## અહિંસાનું મહાત્મ્ય.

*અહિંસાથી બીજું કોઇ ઉત્તમ પુણ્ય નથી, અહિંસાથી બીજું કોઇ ઉત્તમ સુખ નથી, અહિંસાથી બીજું કોઇ ઉત્તમ જ્ઞાન નથી અને અહિંસાથી બીજું કોઇ ઉત્તમ ઇંદ્રિયદમન નથી; અર્થાત્ અહિંસા જ મોટામાં મોટું પુણ્ય, સુખ, જ્ઞાન અને દમન છે.*

**—સુભાષિત પદ્યરત્નાકર ( ભા. ૧ લો. )**

For Private And Personal Use Only

લેખક:-મુનિશ્રી હંસસાગરજી મહારાજ.

# પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો ?

( ગતાંક પૃષ્ઠ ૨૪૫ થી શરૂ )

એ દુ:ખદ પ્રસંગે બ્હેન વાસંતી ઉપર આવી પડેલા કરુણ ધર્મસંકટનાં દુ:શ્રવણથી લાલચોળ બની ચોમેર ઘૂમતાં એ ધર્મવીર મનસુખનાં પ્રશસ્ત નેત્રોમાં કુસુમની એ મૃતપ્રાય: દુ:સ્થાવસ્થાએ ઉષ્ણાશ્રુના બ્હાને લાલાશ ખાળી નાખીને એકાએક શમરસ પુરી દીધો !

એકીટશે કુસુમની જ દેહચિંતામાં મગ્ન એવા તે મનસુખે એ પ્રસંગથી તો અત્યંત વ્હાલી અને પરમ દુ:ખિતા બ્હેન વાસંતીનો સત્વર પત્તો મેળવવાની તીવ્રતર જીજ્ઞાસાને ય દાબીને તૂર્તને માટે તો કુસુમની જ સારવારમાં રોકાઇ જવાનો નિશ્ચય કરી લીધો !

એ પછી તો એ વ્રતધારી મનસુખે, અસંખ્ય અપકાય જીવોની કિલામણાથી કમકમતા હૃદયે નજીકમાં જ વહેતી ત્રિવેણી નદીનાં સચિત્ત પણ જળથી કિલન્ન કપડાંવડે કુસુમના મૂર્છિત દેહ ઉપર સુક્ષ્મ જલ છટકાવ, અને વસ્ત્રાંચલવડે મંદમંદ પવન પ્રચાર સતત્ જારી રાખ્યાં.

તથાપ્રકારની સુશ્રુષા બાદ કુસુમને આંશિક ચેતનવંત જાણીને-'વાસંતીની સાર માટે સત્વર દોટ દેવાની ઉચકતાપૂર્ણ હૃદયશાન્ત અનુભવવાને પરિણામે' કુસુમના શિથિલ અંગપ્રતિ એકીટશે દૃષ્ટિ ટેકાવીને કુસુમની દેહચેષ્ટાને, સમયે સમયે ટગર ટગર નીહાળતો તપસ્વી મનસુખ જ્યાં સામાન્ય પણ વિશ્રાંતિ લે છે, ત્યાં તો સૂર્યાસ્ત થયા બાદ થોડી જ વારમાં સામેથી પાંચ છ પેસેન્જર લઇને પોતાના તરફ વેગે ઘસી આવતી એક ઘોડાગાડીને મનસુખે દૂર દૂર દીઠી.

ક્ષણવાર ધારી ધારીને એ ગાડીનાં પાત્રોને જોતાં તેમાંની જૂજ વ્યક્તિઓને તો એ તીક્ષ્ણ અને ચપળ નેત્રધારી મનસુખે સત્વર ઓળખી લીધી. અને તેથી ત્રણ ત્રણ દિવસની ક્ષુધા અને તૃષાથી પણ કલાન્ત બનેલો મનસુખ રહ્યાંસહ્યાં પણ દેહબળને આત્મબળે જ એકત્ર કરી લઇને, અસ્વસ્થ કુસુમને નહિં જ છોડવાની ભાવના છતાં આત્મરક્ષાર્થે તેને એ ભયંકર આક્રન્દનમાંજ છોડી દેવાની ફરજમાં મૂકાઇને ત્રિવેણી નદીના ગાઢ જલમાં એકાએક કૂદી પડયો ! **અત્ર વાચકને એ શંકા સ્વાભાવિક થશે કે આગંતુકો તરફથી મનસુખને એવો શો ભય હશે ? પણ એ વાત અવસરે જણાવશું.**

પ્રાણઘાત સમા ઝંપાપાતરૂપ દુ:સાહસનો અમલ કરતા મનસુખને આવતી ગાડીના જનોએ પણ ધારીને જોઇ લીધાની સાથે તો તેઓ તરફથી ગાડીવાનને ગાડી વેગે મારી મૂકવાનો ઇસારો થતાંને વેંત ગાડીવાને પણ ગાડીને મારતેઘોડે પલવારમાં જ કુસુમ પાસે ખડી કરી દીધી !

તેટલામાં તો સોમચંદ શેઠ, મગનલાલ, હિંમતચંદ્ર, પરમાનંદ અને મણિચંદ્ર વિગેરે એ ગાડીમાંથી ટપોટપ નીચે કૂદી પડયા; એટલું જ નહિં પણ કુસુમના એ મુછિત દેહને ચોમેરથી ઘેરી વળ્યા. રાત્રિમાં પલટાઇ જવાની તૈયારી કરતા દિવસની જળઝાંખળાવસ્થામાં એ સહુ આગંતુકોને, 'આ કોણ ?' એવી થયેલી શંકાના નિવારણાર્થે એ સહુએ કુસુમને ઓળખી કાઢવા ખડેપગે ભૂમિ ઉપર બેસી જવાની ફરજ પડી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહુએ ધારી ધારીને જોતાં જોતજોતામાં તો કુસુમને ઓળખી કાઢયો. કુસુમને મૃતપ્રાયઃ નિહાળીને એ સહુને ધ્રાસકો પડયો! તેઓ સસંભ્રમ પોકારી ઉઠયા કે હ–હા, આ તો આપણો પરમસ્નેહી કુસુમ છે કુસુમ. આ આપણો વ્હાલો બન્ધુ એકલો હોવાનો લાભ લઈને ધર્મીષ્ઠતાના ડોળઘાલુ મનસુખે વિષાદિના પ્રયોગવડે આ ભલા મિત્રને ખચિત હણ્યો લાગે છે! સોમચંદભાઇ! જોયો આ તમારો કહેવાતો ધર્મીષ્ઠ મનસુખ?

અમારા હૈયાં તો આવા અનેક ધર્મઢોંગીઓની ઢોંગકસોટીમાંથી પસાર થવાવડે આવા જ અનુભવોથી ઘડાઇ જવાને જ લીધે એ કહેવાતા ધર્મીઓના અવિશ્વાસુ બન્યા છે! આવા ધર્મધૂર્તો, મહાન્ દંભી ઠગો હોઇને જગતને શ્રાપરૂપ જ છે; એમ તેથી જ અમોએ નિર્ધાર કર્યો છે. અને તેથી જ એ પાખંડીઓને યેનકેનાપિ અમારે ખુલ્લા કરવા પડે છે.

સોમચંદ શેઠ! આપને હજુ પણ અમો આગ્રહપૂર્વક વિનંતિ કરીએ છીએ કે આત્માનું હિત ઇચ્છતા હો તો આ ઢોંગીઓ પ્રતિ અંધશ્રધ્ધાળુ ન રહો! ધર્મઠગોની પ્રચંડ પાપલીલાથી બચી છૂટવા આપના પુત્રનું જ આ અનાચરણીય દૃષ્ટાંત આપને બસ થવું ઘટે, આપના જેવા જગપ્રસિધ્ધ દયાવંત અને ભદ્રિક આત્માઓ આવા દામ્ભિકોની પ્રપંચજાળમાંથી સત્વર બચો, એવી જ અમો તો પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ. વિશેષમાં અનેક ભદ્રિક જનોના હિતાર્થે એમ પણ આપને વિનવીએ છીએ કે, આર્યસંસ્કૃતિના પણ ઓઠાંતળે ધર્મના અખાડા ખેલતા ધર્મગુરુઓને અને તદાશ્રિત ધર્મને પણ હવે તો જાગૃત થઇને મૂળમાંથી જ ઉખેડી નાખવા અમને મજબુત સાથ આપીને જતી જીંદગીએ તો આત્માનું સાર્થક કરી લેવા કૃપા કરો! એ મુજબ પરમાનંદનું વકતવ્ય પુરૂં થયે સતે–

ભાઇ પરમાનંદ! મારા પોતાના જ ધર્માત્મા ગણાતા પુત્રનું આ નિંદ્ય કૃત્ય જોયા પછી તો તારૂં સમસ્ત કથન યથાર્થ જ માન્ય છે. તમારા વર્ગને સાથ આપવાને બદલે આજ સુધી મેં કદર્થનાપૂર્વક જે સતત્ પ્રતિકાર જ કર્યો તે હવે મારા હૃદયમાં તીક્ષ્ણ છુરીની જેમ ભોંકાય છે! અને તેથી હું ખેદપૂર્વક કહું છું કે હું પૂર્ણ ઠગાયો છું. મેં ખરેખર આત્મવંચના જ કરી. વિશેષ શું કહું? ભદ્રિક આત્માઓના પરમ ઉપકારી એવા તમોને, આજથી તન, મન અને ધનથી પણ હું તમારે આધીન રહીને ધર્મઠગોને ઉઘાડા પાડવા મારાથી બનતું કરવાનું અમોઘ વચન આપું છું. તમોને ધર્મના દ્વેષી જ ગણીને અદ્યાપિ મારાથી જે જે કદર્થના–અપભ્રાજનાદિ કરાયાં છે, આશા છે કે તે દરેકની હવે તો મને માફી જ મળશેઃ પોતાના ધર્મનિષ્ઠ પુત્રને પણ, દુર્ભાગ્યે પાખંડીઓની પ્રપંચ જાળમાં ફસી પડેલા સોમચંદ શેઠ–પ્રચંડ પાપનિષ્ઠ સમજવાના દુષ્કર્મો દયાધીન અવસ્થામાં કમકમિતપણે કંપી ઊઠીને ઉપર મુજબનું સાહસિક બોલી ઊઠ્યા!

## સોમચંદ શેઠ કોણ?

સોમચંદ શેઠ, એ આપણી કથાના નાયક મનસુખના ગર્ભશ્રીમંત પિતા હતા. તેઓ એક સદાચારી ઝવેરી કુટુંબના જગવિખ્યાત ધર્મવીર હતા. ધર્મપ્રિય કુટુંબના સુશિક્ષણ તળે તેઓએ પોતાનું ચાલીશેક વર્ષ સુધીનું જીવન ધર્મરસપાનમાં તરબોળ કર્યું હતું. આશયે અતિ નિર્મળ અને સ્વભાવે પરમ શાન્ત હતા. વર્ત્ત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનમાં તેઓ પાંસઠ વર્ષ લગભગ વટાવી ગયા હતા. તો પણ આજના એક નવજુવાનને પણ નીચું જોવડાવે તેવો તેમનો ભરાવદાર અને આકર્ષક દેદાર પ્રેક્ષકને હેરત પમાડતો હતો. કહેવાની જરૂર નથી કે એ અવસ્થામાં પણ તેઓ અતીવ સશક્ત હતા. તેનું મુખ્ય કારણ તો પૂર્વપુણ્યનો મજબુત સંચય જ લેખાય, છતાં ય તેમાં અશનપાનાદિની નિયમિતતા પરિમિતતા અને અવસરે પ્રાપ્ત હરકોઇ વસ્તુમાં મનાતી સંતુષ્ટતા વિગેરે મોખરે આવી જતાં !

પોતાના પુણ્યનો એટલો તો જબ્બર પ્રાગ-ભાર હતો કે ચાલીશ વર્ષની વયે પહોંચતાં સુધી તો એકધારૂં જ ધર્મીજીવન જીવી શકયા હતા ! અર્થાત્ ત્યાં સુધી તો ધર્મને અધર્મ સમજનાર વર્ગનો જૈન જગતમાં અવાજ જ દુર્લભ હતો ! એ અરસામાં ઇતર વર્ગ પણ ત્યાગ-ધર્મ પ્રતિ આદરવાળો હોઇને ત્યાગી આત્માઓનાં બહુમાન કરતો; જેથી કરીને પણ એ સોમચંદ શેઠનું જીવન ધર્મથી અંશે ય સ્ખલિત થવા પામ્યું ન હતું ! તેથી પણ એ સદ્દભાગી શેઠની શ્રધ્ધા સદ્દધર્મપ્રતિ પ્રતિદિન વધુ ગાઢ અને નિર્મળ બની હતી.

પરમ સત્ય ટેકી સોમચંદ શેઠ, **'ચ્હાય તેવા વિકટ સંયોગોમાં પણ સત્ય નહિ તજનાર એક્કા છે'** એવી, ધર્મપંથે ગમન કરતાં આવી પડેલા અનેક વિકટ સંયોગોમાં પણ સત્ય-રૂપી અસિધારાથી રંચમાત્ર નહિ ડગેલા શ્રી સોમ-ચંદ શેઠે જગતભરના વિદ્દ્દ હૈયામાં પોતાના અખંડ સોનેરી જીવનવડે ઊંડી છાપ પાડી હતી. દીનતાને જગતભરમાંથી દેશવટો દેવાની બુધ્ધિએ હરકોઇ વસ્તુના પ્રદાનમાં પણ તેઓ સમર્થ દાનેશ્વરી હતા ! સદાચારના તો એ મૂર્ત્તિમંત સ્થંભ હતાં ! ગર્ભશ્રીમંત હોવા છતાં ય તપધર્મનું અત્રૂટ આસેવન કરનાર તપસ્વી તરીકે ય એ શ્રેષ્ઠી પ્રખ્યાત હતા ! કિંબહુના ! એ શ્રેષ્ઠીએ, પોતાના શ્રી જિનધર્મવાસિત સુકોમળ હૃદયકમળનું આધિ-રાજ્ય મુખ્યત્વે-મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થભાવનાને જ સુપ્રત કર્યું હતું !

સર્વદિગ્વ્યાપિની ખ્યાતિને વરેલા એ શ્રેષ્ઠી-વર્યનું અનેક ભૂપતિ અને અધિકારી વર્ગોનાં મદાંધ હૃદયો ઉપર પણ સુસામ્રાજ્ય હતું. ધર્મીત્માને કોણ વશ ન હોય ? ઉભય લોક હિતકર શ્રી દેવ, ગુરુ અને ધર્મ સંબંધી કોઇ પણ કાર્યમાં એ શ્રેષ્ઠીનો સદા-સર્વદા ત્રિકરણયોગે જ સર્વાધ અને સર્વોત્તમ ફાળો હતો.

પુણ્યવાન શ્રી સોમચંદ શ્રેષ્ઠીની અવસ્થાના ચાલીશેક વર્ષ બાદ સમાજમાં એક એવો વર્ગ ઉત્પન્ન થયો, કે જે ધર્મને અધર્મ, સદાચારને દુરાચાર, ભક્ષ્યને અભક્ષ્ય, પેયને અપેય, નીતિને અનીતિ, માનવા લાગ્યો.

એ વર્ગે ક્રમે પોતાનું ઝુંડ કેળવતા જઇને અનેક સ્થળે ભાષણો અને લેખોદ્વારા પણ ઉપરોક્ત સદ્દવસ્તુઓને આવરી જ નાખીને તેને સ્થાને સર્વ અસદ્દવસ્તુઓની સ્થાપના કરવા માંડી ! સદ્દધર્મી અને સદાચરણીય પુરુષો ઉપરનો આદર તો પણ લોકોમાં યત્કિંચિત્ ઓછો નહિં થતો જોઇને ખૂબ જ અકળાયલા એ વર્ગે એ પછી તો સદ્દધર્મી અને સદ્દધર્મ, સદા-ચરણીય અને સદાચરણને જગતમાંથી યેનકેન ઉતારી પાડવા જ અખાડા કરવા માંડ્યા ! તે તે વ્યક્તિ અને વસ્તુઓની બદબોઇ કરવા તદ્દન કાલ્પનીક અને અણુછાજતા પણ આરોપો મુકીને પવિત્ર પાત્રો અને પદાર્થો ઉપરથી લોકોની શ્રધ્ધાના પાયા જ હચમચાવવા લાગ્યા !

આ વસ્તુ ધર્માત્મા સોમચંદ શેઠથી સહી ન જવાથી તે વર્ગને જ્યાં જ્યાં રંજાડ કરીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધર્મ ફેલાવતા દેખે-જાણે, ત્યાં ત્યાં તેની સર્વ પ્રકારે ખબર લઇને ઉભી પૂછડીએ જ નસાડી મુકીને અવાચક બનાવવાના જ કાર્યમાં એ પછી તો અહોનીશ રક્ત રહેવાના નિર્ધાર ઉપર આવ્યા હતા. એ નિર્ધારના પરિણામે તે શ્રેષ્ઠીએ તે વર્ગમાંના ધર્મ અને ધર્મીઓની કદર્થના કરનાર કેટલાએકને અનેકવાર જેલના સળીયા પાછળ પણ ધકેલ્યા હતાં !

આથી સમસ્ત અધર્મી વર્ગ તે શ્રેષ્ઠીથી થરથર કંપતો હતો ! અને તેથી જ એ વર્ગના કેટલાક આગેવાનો ઉપર ઉપરથી સોમચંદ શેઠનો સંપર્ક સાધી રાખીને જ પોતાનો મત અંશે પણ ચલાવી શકાશે એવી ચોક્કસ માન્યતાવાળા બન્યા હતા. અને તેથી શેઠશ્રી સાથે આનંદની વાતો કરતાં જઇને કદી કદી હાસ્યમાં પોતાનો જ મત સાચો હોવાનો તેઓ ઉપરછળો પ્રમોદિત આગ્રહ કરી લેવામાં સફળ થતા હતા. કારણ કે એ વર્ગનું માનસ, મનથી ચોક્કસ જાણતા જ હોવા છતાં ધર્મનિષ્ઠ સોમચંદ શેઠ પ્રસંગ વિના તેઓ પ્રતિ કડવાશ કે કટુવચન વાપરીને વિરોધાભાસ પણ કરવામાં અલ્પ ય લાભ માનતા જ નહિં હોવાથી તેવાઓનું યદ્વાતદ્વા વક્તવ્ય પણ સાંભળીને ગળી જતા હતા !

એ લોકોની ઉલટી પણ વાતોને નિરૂત્તરપણે જ સાંભળતા જોઇનેય, એ નવા વર્ગના આગેવાનોને તો અવનવી ઉપજાવી કાઢેલી ક્રમે અનેક વાતો તે શ્રેષ્ઠીને કાને અફળાવવાનો પ્રસંગ તો મળી જ રહેતો ! એ એમને તો પરમ આનંદનો જ વિષય હતો.

પોતાના મકાનમાં નિર્જન સ્થળે શ્રી સોમચંદ શેઠ ગમગીન ચહેરે લમણે હાથ ટેકાવીને આજે ઉંડા વિચારાધીનપણે ઉગ્ર નિશ્વાસો મૂકી રહ્યા છે, તેટલામાં તો મળવાને બ્હાને-નવા વર્ગના આગેવાન મગનલાલ, હિંમતચંદ્ર, પરમાણંદ અને મણિચંદ્રે સોમચંદ શેઠના આવાસમાં એકાએક પ્રવેશ કર્યો. ચાલુ-

## ભવ્ય–દર્શન

(ભીમપલાસ અથવા ભૈરવી-રાગ)

એક દિને હસતો અટુલો,
ગુરુધ્યાન વિષે વપુભાન ભુલી;
નિર્મળતા સઘળે દિવ્ય હતી,
ઉપમા શી આપું ઉર ખોલી ? ટેક
પછી તે સમયે કુસુમો ઉઘડયાં,
નભના ચંદરવે જ્યોતિભર્યાં;
પ્રતિ પુષ્પ વિષે પ્રતિ પાંદડીએ,
વિલસ્યાં મુખડાં મધુ હાસ્યભર્યાં. ૧
ત્યાં ગાલીચા નવ રેશમના,
ના મખમલ કે નવ સુતરતણાઃ
તારાવલી જડિત સિંહાસન પર,
વળી દીઠા ગુરુજી અતિ નમણા ૨
ના દેહ હતો એ નારીનો,
ના નરકેરો આકાર ધરે;
પણ મમ હૃદયે ઉલ્લાસ થયો,
ગુરુદર્શનથી જે સમીપ તરે. ૩
આનંદ થયો અતુલિત હૃદયે,
જે શબ્દ વધ્યા ગુરુજી મુખથી;
પરમાનંદે બસ મસ્ત બન્યો,
ઉરમાં ઓંકારની ધૂન મચી. ૪
પછી શાન્તિ દિવ્ય ઉરે પ્રસરી,
ના હર્ષતણી દીસતી સીમા;
હેમેન્દ્રતણાં ઉરદ્વાર ખુલ્યાં,
પધરાવી રૂડી ગુરુની પ્રતિમા. ૫

રચયિતા,
મુનિ શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજમાન વીશ વિહરમાન જિનેશ્વરોના પવિત્ર નામો તથા માતપિતા, સ્ત્રી, આયુષ્ય, લંછન વગેરેનું

# જાણવા યોગ્ય વર્ણન.

[ દરેક જૈનશાળાઓમાં ઘણે ભાગે ભરતક્ષેત્રમાં ચોથા આરામાં થયેલા શ્રી આદિનાથ પ્રભુ વગેરે ચોવીશ ભગવંતોના માતાપિતા, નગરી વગેરે વર્ણનો અભ્યાસમાં આવતા હોવાથી તેઓ તેમજ અન્યને પણ તે વ્યાખ્યાનદ્વારા કે વાચનવડે જાણવામાં આવેલ હોય, પરંતુ અત્યારે વિહરમાન શ્રી સીમંધરસ્વામી વગેરે વીશ પરમાત્માની નીચે લખેલી હકીકતો પણ જાણવા જેવી તેમજ જૈનશાળાઓમાં બાલક-બાલિકાઓને શિખવવા જેવી હોવાથી લેખ તરિકે નીચે પ્રગટ કરીએ છીએ-સંપાદક ]

**૧. સીમંધરસ્વામી** ૧. જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં[1] થયા. ૨. આઠમી પુષ્કલાવતી વિજય. ૩. પુંડરીગિણી નગરીમાં જન્મ્યા. ૪. શ્રેયાંસરાજા પિતા. ૫ સત્યકી માતા ૬. વૃષભલંછન ૭. રૂક્ષ્મણી સ્ત્રી. ૮. સુવર્ણ વર્ણદેહ ૯. પાંચસેં ધનુષ્ય દેહમાન ૧૦. ચોરાશી લાખ પૂર્વનું સર્વ આયુષ્ય. ૧૧. તેમાં ૨૦ લાખ પૂર્વ કુંવરપણે રહ્યા. ૧૨. ત્રેસઠ લાખ પૂર્વ રાજ્ય ભોગવ્યું. ૧૩ એક લાખ પૂર્વ ચારિત્ર[2]. ૧૪. એકસો ક્રોડ સાધુઓનો પરિવાર. ૧૫. દશ લાખ કેવલીનો પરિવાર.

**૨. શ્રી યુગમંધરસ્વામી** ૧. જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં થયા. ૨. નવમી વપ્રવિજય. ૩. વિજયાપુરી નગરી. ૪. સુદૃઢરાજા પિતા. ૫. સુતારા માતા. ૬. ગજલંછન. ૭. પ્રિયમંગલા સ્ત્રી. ૮. શેષ આઠ બોલ પૂર્વવત્.

**૩. બાહુસ્વામી** ૧. જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં થયા. ૨. ચોવીશમી વત્સવિજય. ૩. સુસીમાપુરી નગરી. ૪. સુગ્રીવ રાજા પિતા. ૫. વિજયા માતા ૬. મૃગલંછન ૭. મોહની સ્ત્રી ૮. શેષ પૂર્વવત્.

**૪. સુબાહુ સ્વામી** ૧. જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં થયા. ૨. પચીશમી નલિનાવતી વિજય. ૩. અયોધ્યા નગરી. ૪. નિષધરાજા પિતા. ૫. ભુનંદા માતા. ૬. કપિલંછન ૭. કિંપુરીસા સ્ત્રી ૮. શેષ પૂર્વવત્.

**૫. સુજાત સ્વામી** ૧. પૂર્વધાતકી ખંડ ૨. આઠમી પુષ્કલાવતી વિજય. ૩. પુંડરીગિણી નગરી. ૪. દેવસેન રાજા પિતા. ૫. દેવસેના માતા ૬. સૂર્યલંછન. ૭. જયસેના સ્ત્રી. ૮. શેષ પૂર્વવત્.

**૬. સ્વયંપ્રભ સ્વામી** ૧. પૂર્વધાતકી ખંડ ૨. નવમી વપ્રવિજય. ૩. વિજયાપુરી નગરી. ૪. કીર્તિગજ રાજા પિતા ૫. મંગલા માતા ૬. ચંદ્રલંછન ૭. પ્રિયસેના સ્ત્રી ૮. શેષ પૂર્વવત્.

**૭. ઋષભાનન** સ્વામી ૧. પૂર્વધાતકી ખંડ. ૨. ચોવીશમી વચ્છવિજય ૩. સુસીમાપુરી નગરી ૪. કીર્તિધર રાજા પિતા ૫. વીરસેના માતા ૬. સિંહલંછન ૭. જયાવતી સ્ત્રી. ૮. શેષ પૂર્વવત્.

**૮. અનંતવીર્ય સ્વામી** ૧. પૂર્વધાતકી ખંડ ૨. પચીશમી નલિનાવતી વિજય ૩. અયોધ્યા નગરી ૪. મેઘરથ રાજા પિતા. ૫. મંગલાવતી

---

૧. હાલ વિહરમાન વીશ તીર્થંકરો મહાવિદેહમાં કેવલી તરીકે વિચરે છે, પણ થયા એ ભૂતકાલનું વચન જન્મને આશ્રયી સમજવું.

૨. આવતી ચોવીશીમાં મોક્ષે જશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માતા. ૬. ગજલંછન ૭. વિજયાવતી સ્ત્રી ૮. શેષ પૂર્વવત્.

**૯. સૂરપ્રભસ્વામી** ૧. પશ્ચિમ ધાતકીખંડ. ૨. આઠમી પુષ્કલાવતી વિજય. ૩. પુંડરીગિણી નગરી ૪. વિજય રાજા પિતા ૫. વિજયા માતા ૬. ચંદ્રલંછન ૭. નંદસેના સ્ત્રી ૮. શેષ પૂર્વવત્.

**૧૦ વિશાલપ્રભ સ્વામી** ૧. પશ્ચિમ ધાતકી ખંડ ૨. નવમી વપ્રવિજય ૩. વિજયાપુરી નગરી ૪. શ્રી નાગરાજા પિતા ૫. ભદ્રા માતા ૬. સૂર્યલંછન. ૭. વિમલા સ્ત્રી. ૮. શેષ પૂર્વવત્.

**૧૧. વજ્રંધર સ્વામી** ૧. પશ્ચિમ ધાતકીખંડ ૨. ચોવીશમી વત્સવિજય ૩ સુસીમાપુરી નગરી ૪. પદ્મરથ રાજા પિતા ૫. સરસ્વતી માતા ૬ શંખલંછન. ૭. વિજયાદેવી સ્ત્રી. ૮. શેષ પૂર્વવત્.

**૧૨. ચંદ્રાનન સ્વામી** ૧. પશ્ચિમ ધાતકીખંડ ૨. પચીશમી નલિનાવતી વિજય ૩. અયોધ્યા નગરી ૪. વાલ્મિક રાજા પિતા ૫. પદ્માવતી માતા ૬. વૃષભલંછન ૭. લીલાવતી સ્ત્રી ૮. શેષ પૂર્વવત્.

**૧૩. ચંદ્રબાહુ સ્વામી** ૧. પૂર્વ પુષ્કરાર્દ્ધ ૨. આઠમી પુષ્કલાવતી વિજય ૩. પુંડરીગિણી નગરી ૪. દેવાનંદ રાજા પિતા ૫. રેણુકા માતા ૬. કમલલંછન ૭. સુગંધા સ્ત્રી ૮. શેષ પૂર્વવત્.

**૧૪. ભુજંગ સ્વામી** ૧. પૂર્વ પુષ્કરાર્દ્ધ ૨. નવમી વપ્રવિજય ૩. વિજયાનગરી ૪. મહાબલ રાજા પિતા ૫. મહિમા માતા ૬. કમલલંછન ૭. સુગંધસેના સ્ત્રી ૮. શેષ પૂર્વવત્.

**૧૫. ઇશ્વરસ્વામી** ૧. પૂર્વ પુષ્કરાર્દ્ધ ૨. ચોવીશમી વત્સવિજય ૩. સુસીમાપુરી નગરી ૪. ગજસેન રાજા પિતા ૫. યશોજ્વલા માતા ૬. ચંદ્રલંછન ૭. ભદ્રાવતી સ્ત્રી ૮. શેષ પૂર્વવત્.

**૧૬. નેમિપ્રભ સ્વામી** ૧. પૂર્વ પુષ્કરાર્દ્ધ ૨. પચીશમી નલીનાવતી વિજય ૩. અયોધ્યા નગરી ૪. વીરભદ્ર રાજા પિતા ૫. સેનાવતી માતા ૬. સૂર્યલંછન ૭. મોહની સ્ત્રી ૮. શેષ પૂર્વવત્.

**૧૭. વીરસેનસ્વામી** ૧. પશ્ચિમ પુષ્કરાર્દ્ધ ૨. આઠમી પુષ્કલાવતી વિજય. ૩. પુંડરગિણી નગરી ૪. ભૂમિપાલ રાજા પિતા ૫. ભાનુમતી માતા ૬. વૃષભલંછન ૭. રાજસેના સ્ત્રી ૮. શેષ પૂર્વવત્.

**૧૮. મહાભદ્ર સ્વામી** ૧. પશ્ચિમ પુષ્કરાર્દ્ધ ૨. નવમી વપ્રવિજય ૩. વિજયાપુરી નગરી ૪. દેવસેન રાજા પિતા ૫. ઊમા માતા ૬. ગજલંછન ૭. સૂરિકંતા સ્ત્રી ૮. શેષ પૂર્વવત્.

**૧૯. દેવયશા સ્વામી** ૧. પશ્ચિમ પુષ્કરાર્દ્ધ ૨. ચોવીશમી વત્સવિજય ૩. સુસીમાપુરી નગરી ૪. સંવરભૂતિ રાજા પિતા. ૫. ગંગાવતી માતા ૬. ચંદ્રલંછન ૭. પદ્માવતી સ્ત્રી ૮. શેષ પૂર્વવત્.

**૨૦. અજિતવીર્ય સ્વામી** ૧. પશ્ચિમ પુષ્કરાર્દ્ધ ૨. પચીશમી નલિનાવતી વિજય. ૩. અયોધ્યા નગરી ૪. રાજપાલ રાજા પિતા ૫. કનકાવતી માતા ૬. શંખલંછન ૭. રત્નમાળા સ્ત્રી ૮. શેષ પૂર્વવત્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## આ સભાનો ૪૫મો વાર્ષિક મહોત્સવ અને ગુરુજયંતિ.

અત્રેની શ્રી જૈન આત્માનંદ સભાનો ૪૫મો વાર્ષિક મહોત્સવ જેઠ શુદિ ૭ સોમવાર તા. ૨-૬-૪૧ના રોજ હોવાથી સવારના નવ કલાકે સભાના મકાનમાં પ્રભુ પધરાવી પૂજા ભણાવવામાં આવી હતી. બપોરના બાર વાગે વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ તરફથી સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું, તેમજ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસુરીશ્વરજી મહારાજની જયંતિ પ્રસંગે જેઠ શુદિ ૮ મંગળવાર તા.૩-૬-૪૧ના રોજ સભાના સભાસદોએ સિદ્ધાચલજી જઇ રાધનપુરનિવાસી શેઠ મોતીલાલ મૂળજીભાઇ હા. શેઠ સકરચંદભાઈ તરફથી સવારના શ્રી સિદ્ધાચળજી ઉપર પૂજા ભણાવી, શ્રી આદીશ્વર ભગવાન, શ્રી પુંડરીકજી, શ્રી દાદાજીના પગલે વિ. ની આંગી રચાવી અને શ્રી પુરબાઈની ધર્મશાળામાં સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

## મુંબઈ.

મુંબઇમાં શ્રી આત્માનંદ જૈન સભા તરફથી ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસુરીશ્વરજી મહારાજશ્રીની જયંતિ જેઠ શુદિ ૮ના રોજ ઉજવવામાં આવી હતી.

## પંજાબ સમાચાર.

પૂજ્યપાદ્ આચાર્યવર્ય **શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજ પોતાની શિષ્ય મંડલી સાથે સ્યાલકોટથી ચૈત્ર વ. ૩ તા. ૧૪-૪-૪૧ સોમવારે વિહાર કરી રાયસાહેબ લાલા કર્મચંદજી ઓનરરી મેજીસ્ટ્રેટના બંગલે પધારી ધર્મદેશના આપી સ્યાલકોટ છાવણી પધાર્યા. સાંજના વ્યાખ્યાનમાં ઘણા મનુષ્યોએ લાભ લીધો. ચોથે વિહાર કરી સચેતગઢ થઇ પાંચમે નયાશહેર પધાર્યા હતા. વ્યાખ્યાનમાં ન્યાયાધીશ વિગેરે ઓફિસર વર્ગ અને નગરજનતાએ સારા પ્રમાણમાં લાભ લીધો. ન્યાયાધીશ આદિની વિનંતિને માન આપી એક દિવસ વધુ રોકાઇ વ્યાખ્યાનનો લાભ આપી આચાર્યશ્રી સાતમે **મીરાં સાહેબ** પધાર્યા અને આઠમની સાંજે જમુશહેરમાં વિનાયક મિશ્રની ધર્મશાળામાં પધાર્યા. ગુજરાંવાલા લાહોર, નારોવાલ, જંડીયાલા, સ્યાલકોટ વગેરેથી પધારેલા સદ્દગૃહસ્થો અને શ્રીમાન્ **ફૂલચંદજી મોથા** રેવન્યુર કમીશ્નર કાશ્મીર ગવર્મેન્ટના ધર્મપત્ની આદિ દર્શનાર્થ પધાર્યા.

ચૈ. વ. ૯ તા. ૨૦-૪-૪૧નો શુભ દિવસ કાશ્મીરની રાજધાની જમ્મુ શહેરના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત રહેશે.

૪૫ વર્ષ પછી આચાર્ય ભગવાન પોતાના આંગણે પધારતા હોવાથી જૈન-અજૈન સર્વે જનતામાં ખુશીની-આનંદ-ઉત્સાહની લહેરો ઉછળી રહી હતી.

સવારના સાડાસાત વાગ્યે આચાર્યશ્રીજી સરદાર સુંદરસિંહજીની ધર્મશાળાએ પધાર્યા.

અહિં જમુ શ્રી સંઘ, બહારથી પધારેલા ભાઇઓ અને નગરનિવાસી અજૈન બંધુઓએ અપૂર્વ સામૈયું કર્યું હતું.

આચાર્યશ્રી સુંદરસિંહજીની ધર્મશાળાથી સાડા આઠ વાગ્યે સામૈયા સાથે નીકળી શહેરના મુખ્ય મુખ્ય બજારોમાં થઇ એક વાગ્યે દીવાન જવાલાસાહેબના મંદિરે પધાર્યા.

દીવાન સાહેબના મંદિરના વિશાળ મેદાનમાં મંડપ બાંધવામાં આવેલ હતો. લાઉડસ્પીકર આદિની સુંદર વ્યવસ્થા રાખવામાં આવી હતી.

સ્યાલકોટના રાયસાહેબ લાલા કર્મચંદજી ઓન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેજીસ્ટ્રેટની અધ્યક્ષતામાં વિરાટ સભા ભરવામાં આવી. સામૈયામાં અને સભામાં અધિકારીવર્ગ, વિદ્વાન-વર્ગ અને નાગરીકોની હાજરી ખાસ ધ્યાન ખેંચનારી હતી.

મંગલાચરણ થયા બાદ જમ્મુ શ્રી સંઘ અને જમ્મુનગરનિવાસીઓ તરફથી અભિનંદનપત્રો આચાર્ય શ્રીજીને અર્પણ કરવામાં આવ્યા. આચાર્યશ્રીજીએ મધુર ધ્વનિથી ગૃહસ્થોના ષટ્કર્ત્તવ્ય વિષય પર સંક્ષિપ્તમાં સુંદર ઉપદેશ આપ્યો હતો. ટાઇમ ઘણો જ થઇ જવાથી બપોરથી સભા મોકુફ રાખવામાં આવી.

રાતના આઠ વાગ્યે બાબુ અનંતરામજી વકીલ અધિષ્ઠાતા શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ, પંજાબની અધ્યક્ષતામાં વિરાટ સભા ભરવામાં આવી. માનવ-મેદની ૧૫૦૦૦ હજાર જેટલી એકત્રિત થઇ હતી. વિદ્વાનોના ભાષણો વગેરે થતાં રાતના બારવાગે સભા વિસર્જન થઇ.

ચૈ૦ વ૦ ૧૦ તા. ૨૧-૪-૪૧. સોમવારે સવારના સાડાસાત વાગે પંડિત અનંતરામ-જીની અધ્યક્ષતામાં સભા થઇ. આચાર્યશ્રીજીએ બુલંદ અવાજે આત્મા-પરમાત્મા અને કર્મ વિષયક ઘણું જ મહત્ત્વશાળી વ્યાખ્યાન આપ્યું હતું. ૧૧ વાગે જયનાદોની સાથે સભા વિસર્જન થઇ.

બપોરે ૩।। વાગે બાબુ તેજરામજી ગવર્નર કાશ્મીરની અધ્યક્ષતામાં સભા થઈ. તે વખતે આચાર્યશ્રીજીએ આત્મા સાથે કર્મનો સંબંધ વિષય પર ભાવવાહી-પ્રભાવશાળી વ્યાખ્યાન આપ્યું. ૭ વાગે સભા વિસર્જન થઇ.

ભજનમંડલીઓને અને બીજા ભજનિકોને સોના-ચાંદીના મેડલો આપવામાં આવ્યા હતા.

આચાર્યશ્રીજીનો ઉતારો લાલા કાશીરામજી સ્થા-નકવાસી જૈનના મકાનમાં રાખવામાં આવ્યો હતો.

આચાર્યશ્રીજીના મનોહર પ્રભાવશાળી વ્યાખ્યાનો દરરોજ ક્ષત્રિસભાના વિશાળ હોલમાં ચાલુ હતા.

વ્યાખ્યાનમાં દીવાન સાહેબ, રેવન્યુ કમીશ્નર ફૂલચંદજી મોધા, અનંતરામજી વકીલ વિગેરે વિગેરે ઓફિસરવર્ગ અને વિદ્વાનવર્ગ, લાલા કાશીરામજી વિગેરે નગરના અગ્રગણ્યો સારા પ્રમાણમાં લાભ લઈ રહ્યા હતા.

આચાર્યશ્રીજી થોડા દિવસની અત્રે સ્થિરતા કરી સંખતરા-નારોવાલ તરફ વિહાર કરશે.

સંપ.

ફરીદકોટના લાલા નરપતરાય-મીરજીલાલ, આ બન્ને સગા ભાઇઓમાં વૈમનસ્ય ચાલતું હતું તે આચાર્યશ્રીજીના પ્રતાપથી મટી ગયું અને સંપ થયો છે.

જૈનાચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહા રાજ કાશ્મીરની રાજધાની જમ્મુશહેરમાં જૈનધર્મનો ડંકો વગાડી આનંદોત્સવ ઉજવી હજારો માણસોને પ્રતિબોધ આપી વૈ. શુ. છઠના દિવસે વિહાર કર-વાના હોવાથી પાંચમના દિવસે વ્યાખ્યાનંતર સના-તન ધર્મ હાઇસ્કૂલ તરફથી આચાર્યશ્રીજીને અભિ-નંદન પત્ર આપવામાં આવ્યું અને બપોરે દહેરા-સરમાં રેવન્યુ કમીશ્નર ગવર્મેંટ કાશ્મીર, શ્રીમાન્ ફૂલચંદજી મોધાના તરફથી પૂજા ભણાવવામાં આવી. પૂજા ભણાવવા માટે ગુજરાંવાલાથી ખાસ ટોળી બોલાવવામાં આવી હતી જેથી ખૂબ ઠાઠ જામ્યો હતો.

છઠ્ઠે સવારના છ વાગે આચાર્યશ્રીજીએ ભગવાન શ્રી મહાવીરસ્વામીજીના દર્શન કરી વિહાર કર્યો. વિહારના સમયે શ્રીમાન્ મોધાજી આદિ અધિકારી-વર્ગની હાજરી ધ્યાન ખેંચનારી હતી. ગુજરાંવાલા, જમ્મુશહેર આદિના ઘણા બંધુઓ સત્તવારી ગામ સુધી સાથે આવ્યા હતા અને શ્રીમાન્ મોધાજી સાહેબના ધર્મપત્ની પોતાના પુત્રપુત્રીઓ સાથે મોટરદ્વારા બે વખત દર્શન કરવા આવ્યા હતા.

સત્તવારીથી વિહાર કરી વિસના, હરિયાલ, હકતાલ, નખંનાલ, જંડીયાલા, જફરવાલ, ધર્મથલ આદિ ગ્રામોમાં ધર્મોપદેશનો ઘોષ વહેવડાવતા વૈ. શુ. ચૌદશે સંખતરા પધાર્યા. અહીંની તમામ જન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાએ આચાર્યશ્રીજીનું સુંદર ભાવભીનું સ્વાગત કર્યું. આચાર્યશ્રીજીના માનમાં કસાઇ લોકોએ દુકાનો બંધ રાખી. સામૈયા સાથે ગામમાં ફરી શ્રી ધમનાથ પ્રભુના દર્શન કરી લાલા ખેલીરામજી દીનાનાથજીના તબેલામાં પધારી દેશના આપી અહીં જ ઉતારો રાખ્યો. સખતરા અને નારોવાલની ભજનમંડલીઓએ ભજનોની ધૂમ મચાવી મૂકી હતી. આચાર્યશ્રી દરરોજ વિવિધ વિષયો પર ઉપદેશામૃતનો ઝરો વહેવડાવી રહ્યા છે. હિન્દુ–મુસલમાન–શીખ વિગેરે તમામ લોકો ઉપદેશામૃતનો લાભ લે છે.

પૂજ્ય આચાર્યવર્ય **શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજ આદિ સપરિવાર સખતરામાં ઉપદેશામૃતનો પ્રવાહ વહેવડાવી, લાલા અમીચંદના પુત્રો લાલા દેવરાજ અને માસ્ટર જ્ઞાનચંદ આ બંને સગા ભાઇઓનો મેળ કરાવી વૈ. વ. નવમીએ વિહાર કરી જશપાલ પધાર્યા. સવારે વિહાર કરવાના હતા પરંતુ વરસાદ વરસવાથી સવારનો વિહાર બંધ રહ્યો. આથી આખા નગરમાં હર્ષની લાગણી ફેલાઇ ગઇ અને લોકો કહેવા લાગ્યા કે મહારાજશ્રીએ તો અમારી વિનંતિ ન સ્વીકારી પણ પરમાત્માએ તો સ્વીકારી. લોકો વ્યાખ્યાનની તૈયારી કરવા લાગ્યા. નારોવાલ અગીઆરસે પહોંચવાનું નક્કી થઇ ચુકયું હતું. નારોવાલ સંઘે પણ તૈયારી કરી. બહારગામોમાં પંજાબભરમાં આમંત્રણ પત્રિકાઓ મોકલાવી દીધી હતી. આ વાત ધ્યાનમાં રાખી આચાર્યશ્રીજીએ ઠંડક અને થોડી થોડી વાદળીઓ હોવાથી બે વાગ્યે વિહાર કરી દીધો. પંડિત કેદારનાથ શર્મા વિગેરે ઘણા અજૈન બંધુઓ પણ જશપાલ સુધી સાથે આવ્યા હતા. પંડિત કેદારનાથજીએ ધર્મ વિષય પર સાતસો પાનાનું એક પુસ્તક બનાવ્યું છે તે દરરોજ આચાર્યશ્રીને સંભળાવતા અને આચાર્યશ્રીજીની સૂચનાનુસાર સુધારોવધારો કરતા હતા. દશમીએ નાંગલ પધાર્યા. અહીંથી નારોવાલ નજીક હોવાથી નારોવાલના ભાઇઓ અને બહારથી અંબાલા, અમૃતસર, જંડીયાલા, લાહોર, લુધીયાના, સ્યાલકોટ–જમ્મુ, જહેલમ આદિથી પધારેલા ભાઇઓ પણ દર્શનાર્થે આવી પહોંચ્યા હતા. અને ગામના લોકો સરદાર જંડાસિંગ, નાથાસિંગ વિગેરે ધર્મચર્ચા કરતા રહ્યા. અગીયારસે સવારે વિહાર કરી શીખાલસા હાઇસ્કૂલમાં પધાર્યા. અત્રેથી શ્રી સંઘની સાથે ગાજતેવાજતે આચાર્યશ્રીજી દેહરાસરની પાસે પધાર્યા. અહીંથી સામૈયું બહુ જ ઠાઠમાઠપૂર્વક મીશન સ્કૂલનું બેન્ડ, ચિરાગબેન્ડ આદિ બેન્ડવાજાઓ અને ફીરોજપુરથી લાવવામાં આવેલ કાષ્ઠના ઘોડાઓનો સોનેરી રથ વિગેરેથી કરવામાં આવ્યું.

બજારોમાં વરઘોડો આવતાં માણસોની ભીડ ઘણી જ વધી પડી હતી. આસપાસના પાંચ પાંચ સાત સાત ગાઉ ઉપરના ગામોમાંથી ઘણાં માણસો વરઘોડો જોવા ઉતરી પડ્યા હતા.

બજારમાં લાલા પંજૂશાહે પોતાની દુકાન પાસે વાસણોનો મનમોહક વલ્લભ ગેટ બનાવ્યો હતો.

હકીમ ગુલામમહમદ અને કમ્મરએમદે આચાર્યશ્રીજી પોતાની દુકાન પાસે પધાર્યા ત્યારે ઊભા થઇ સ્વાગતના ગીતો ગાઇ લોકોને રંજિત કર્યા હતા.

સામૈયું મુખ્ય મુખ્ય બજારોમાં ફરી ૧૧ વાગ્યે સ્ટેશન પાસે લાલા પંજૂશાહ જૈન ધર્મશાળા પાસે આવ્યું. અહીં ખાસ મંડપ બનાવવામાં આવ્યો હતો. લાઉડસ્પીકરની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

ઉચ્ચાસન પર આચાર્યશ્રીજી બિરાજમાન થયા. રાયસાહેબ લાલા કર્મચંદજી ઓનરરી માજીસ્ટ્રેટ સ્યાલકોટની અધ્યક્ષતામાં વિરાટ સભા ભરવામાં આવી હતી.

શ્રી સંઘ નારોવાલ તરફથી લાલા પંજૂશાહે આચાર્યશ્રીના કરકમળોમાં અભિનંદનપત્ર અર્પણ કર્યું.

આચાર્યશ્રીજીએ **માનવભવની દુર્લભતા** ઉપર સુંદર દેશના આપી. ત્યારબાદ બપોર પછી ફરીથી ૩॥ થી ૬ વાગ્યા સુધી અને રાતના ૮ થી ૧૧ વાગ્યા સુધી સભાઓ ભરવામાં આવી. પંડિત હંસરાજજી, સૂરી મહમદદીન આદિના મનોહર ભાષણો થયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બપોરની સભાઓમાં આચાર્યશ્રીજીના પ્રભાવશાળી વ્યાખ્યાનો, પંડિત કેદારનાથજી, હંસરાજજી આદિના મનોહર ભાષણો અને ભજનમંડલીઓના મનોહર ભજનો ઉપરાંત પંડિત અમરનાથ, પંડિત બૂઆદાસ, માસ્ટર ફજલ, દ્વારકાદાસ, વકીલ ગુલામમહમદ વિગેરેના ઘણા જ સરસ ભજનો થયા હતા. રાતના સભામાં ભજનો ઉપરાંત પંડિત હંસરાજજી શાસ્ત્રીનું ખાસ પ્રવચન થયું. આથી હજારો માણસો પર સારો પ્રભાવ પડયો. એકંદરે શાસનપ્રભાવના ઘણી જ સારી થઇ,

આચાર્યશ્રીજી દરરોજ વિવિધ વિષયો પર વ્યાખ્યાન આપે છે. જનતા સારા પ્રમાણમાં લાભ લે છે,

જેઠ શુદિ અષ્ટમીના રોજ સ્વર્ગવાસી શ્રી ગુરુદેવ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજીની જયંતિ અત્રેજ સમારોહપૂર્વક ઉજવાઇ હતી. [ મળેલું ]

### સુધારો.

ગયા અંકમાં શિયાલકોટના મહાવીર જયંતિ સમાચારમાં નીચે જણાવેલ હકીકત આપવી રહી ગઇ હતી જે અત્રે આપેલ છે. જયંતિના દિવસે ગુજરાંવાલાનિવાસી લાલા જગન્નાથ દિવાનચંદ દુગડના તરફથી બંને ટંકનું સાધર્મિકવાત્સલ્ય થયું હતું અને લાલા ચરણદાસ મુન્હાણીના તરફથી ગરિબોને શીરાનું જમણ આપવામાં આવેલ હતું.

# ચર્ચાપત્ર અને નમ્ર સૂચના.

તા. ૨૨ મે ૪૧, વર્ષ પાંચમું, અંક ૬ઠ્ઠાના "**જૈન ધ્વજ**" પેપરમાં શ્રી જવાહરલાલજી નાહટાએ હિંદીમાં "૩૦૦ ચેલે હોતે હુવે ભી ગુરુકી પુસ્તકે આઉટ–પ્રેસ હૈ" એવા મથાળાનો એક લેખ લખેલ છે. ભાવાર્થ એ છે કે પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ્ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી) મહારાજના સમુદાયમાં હાલ ૩૦૦ મુનિરાજ વિદ્યમાન છતાં તે મહાપુરુષની કૃતિના જૈનધર્મનો પ્રચાર કરવા માટેના અનેક સુંદર ગ્રંથો પ્રથમ પ્રગટ થયેલ કે જે હાલમાં પણ મળી શકતાં નથી તે માટે તે પૂજ્યપાદ્ના વર્તમાન મુનિરાજોને જૈન બંધુઓ પાસે ઉપદેશદ્વારા તે પુસ્તકો પ્રકટ કરાવી ઓછે મૂલ્યે જૈન સમાજમાં પ્રચાર કરાવવા એમ ઉપરના લેખમાં સૂચના કરી છે. તે માટે યોગ્ય સ્થળે સૂચના કરવા એક બંધુનો પત્ર આવેલ છે.અલબત શ્રી આત્મારામજી મહારાજશ્રીના શિષ્યસમુદાયની ગુરુભક્તિ તરિકે ફરજ પણ છે. તે બાબતમાં જણાવવાનું કે ત્રણ વર્ષ પહેલાં શ્રી આત્મારામજી મહારાજનો શતાબ્દિ મહોત્સવ ઉજવવા મુંબઇમાં પૂજ્યપાદ્ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી એક ફંડ શુમારે પીસ્તાળીશ હજારનું થયેલ છે, તે માટે એક ટ્રસ્ટબોર્ડ શતાબ્દિ મહોત્સવ વડોદરામાં ઉજવાયો તે વખતે નીમવામાં આવ્યું છે. તે ફંડમાંથી વિવિધ સાહિત્ય અને શ્રી આત્મારામજી મહારાજની કૃતિના ગ્રંથો પ્રગટ કરવા વગેરે ઉદ્દેશ અને બંધારણ ઘડતાં નક્કી થયું હતું. જેથી ઉપરોકત લેખવાળી હકીકત સંબંધે જેઓને લખવું હોય તેઓએ ઉપરોકત ટ્રસ્ટ બોર્ડના સભ્યો સાહેબને તથા પૂજ્યપાદ્ આચાર્ય મહારાજ શ્રી વિજય વલ્લભસૂરીશ્વરજી મહારાજને પત્રદ્વારા નિવેદન કરવું. આ સભા તરફથી પત્રદ્વારા નિવેદન કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૧. **આરાધના સાર**–સંપાદક, **મુનિરાજ શ્રી કનકવિજયજી** મહારાજ. આ ગ્રંથમાં શ્રુતસ્થવિર ભગવાન્ શ્રી વીરભદ્ર મહર્ષિપ્રણીત શ્રી ચઉસરણ, શ્રી આઉરપચ્ચક્ખાણ, શ્રી ભત્તપરિણ્ણય અને શ્રી સંથારગ પરિણ્ણય એ ચાર પયન્નાસૂત્રોનો મૂળ સાથે અનુવાદ શ્રી વિજયદાનસૂરિ જૈન ગ્રંથમાળાના સતાવીશમા ગ્રંથ તરીકે સુરતની તે સંસ્થા તરફથી પ્રકટ થયેલ છે. શ્રી મહાવીર પ્રભુના હસ્તદીક્ષિત આ ગ્રંથનાં લેખક મહામુનિ છે. જૈન આગમસૂત્રોના ભાષાંતરો યથાસ્થિત રીતે કરવા તે આગમનું જ્ઞાન અને વિદ્વતા વિના બની શકતું નથી. આ ગ્રંથ વાંચતા તેનું ભાષાંતર સરળ અને ગુજરાતી સાદી ભાષામાં થયેલ છે. ખપી આત્માઓને વગરમૂલ્યે ભેટ આપવામાં આવે છે.

૨. **શાસન પ્રભાવક શ્રી જિનપ્રભસૂરિનું જીવનવૃત્તાંત.** લેખક, શ્રી **અગરચંદજી** અને ભેંવરલાલજી નાહટા–બીકાનેર (મારવાડ). શ્રી ખરતરગચ્છના પ્રભાવક આચાર્યશ્રી જિનસિંહસૂરિજીની પાટે વિદ્વાન્ અને પ્રભાવક આચાર્ય શ્રી જિનપ્રભસૂરિ મહારાજ થયા છે. તેઓશ્રીને પદ્માવતીદેવી સહાય હતા. તેઓ પૂર્ણ વિદ્વાન હતા. આ ગ્રંથમાં તેઓએ રચેલ ગ્રંથસમૃદ્ધિ, કરેલ જૈનશાસનની પ્રભાવના અને સુરક્ષા, તે વખતના દિલ્હીના બાદશાહ મહમુદ તઘલકને આપેલ પ્રતિબોધ અને લીધેલા તીર્થરક્ષાના ફરમાનો વગેરે સંક્ષિપ્તમાં આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. આવા ઉત્તમ પુરુષોના ચરિત્રો વાંચતાં આત્માને આનંદ થાય છે. જૈન ધર્મની મહત્તા સમજાય છે. હિંદિ ભાષામાં આ ગ્રંથ છપાયેલ છે. આવા મહાન્ પુરુષોના ચરિત્રો ગુજરાતી ભાષામાં છપાય તો આ ભાષા જાણનાર વિશેષ લાભ લઇ શકે. લેખકબંધુનો આ પ્રયત્ન પ્રશંસનીય છે. લેખકને ત્યાંથી મળી શકશે.

૩. **શ્રીપાળકુમાર ચરિત્ર**–[સચિત્ર] લેખક, શ્રી **મંગળદાસ ત્રિકમદાસ** ઝવેરી. પ્રકાશક; શ્રી પ્રાચીન સાહિત્ય સંશોધન કાર્યાલય–થાણા. શ્રીપાળરાજાનો રાસ ગદ્ય–પદ્ય સાથે ઘણી આવૃત્તિઓ પ્રકટ થએલ છે, પરંતુ ચરિત્રકથાનો આ ગ્રંથ ગુજરાતી ભાષામાં પ્રથમ છે. ઇતિહાસપ્રેમી અને તેના અભ્યાસી લેખક મંગળદાસ ઝવેરીએ રાસના મૂળ હેતુ સાચવી, સાદી ભાષામાં કથાનક તરિકે લખી પ્રકટ કર્યો છે. કોઇ પણ કથા કે જીવનચરિત્રોના ગ્રંથોમાં આવેલ વર્ણનોને બંધબેસતા સુંદર કલામય ચિત્રો આપવામાં આવે તો વાચકના હૃદયમાં સચોટ ઉતરે છે, સાથે સંસ્કાર અને શિક્ષણનો પ્રચાર કરવાના કામમાં પણ ચિત્રો મહત્ત્વનો ભાગ ભજવે છે; એ વસ્તુ બરાબર હોઇ આ ચરિત્રમાં તે તે વખતના બનાવોનું સ્વરૂપ બતાવવા ૪૪ ચુમાલીશ ચિત્રો આપવામાં આવેલા છે અને આ ગ્રંથના પ્રથમ પેજે શ્રી નવપદજી મહારાજનું વિવિધ રંગનું ચિત્ર આપી આ ગ્રંથની સુંદરતામાં વધારો કર્યો છે જેથી ગ્રંથ વાંચવા યોગ્ય થયેલ છે. કિંમત બે રૂપીયા. પ્રસિદ્ધકર્ત્તાને ત્યાંથી મળશે.

૪. **શ્રી શ્રીપાળકુમાર ચરિત્ર** ( આલ્બમ ) ઉપરોક્ત ગ્રંથમાં આપવામાં આવેલ ચિત્રોનો સંગ્રહ એકઠો કરી ઉપરોક્ત લેખક અને પ્રકાશક તરફથી આલ્બમ તરીકે પ્રકટ થયેલ છે. આર્ટ પેપર ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક કલરમાં પણ જુદા જુદા ચિત્રો જુદા જુદા રંગમાં છપાયેલ છે. કિંમત રૂા. ૧-૦-૦. પ્રકાશકને ત્યાંથી મળશે.

૫. **બાળ પ્રવેશિકા** ( શ્રી જૈન ધાર્મિક વાંચનમાળા ) પ્રકાશક, **શ્રી જૈન શ્રેયસ્કર મંડળ–મ્હેસાણા.** આ સંસ્થા તરફથી જૈન ધાર્મિક શિક્ષણના અનેક ઉપયોગી ગ્રંથો પ્રકટ થયા છે, તેમ બાળકોના પ્રાથમિક શિક્ષણમાં ઉપયોગી થાય તે રીતે આ લઘુ ગ્રંથ તૈયાર કર્યો છે. ભાષા ગુજરાતી સાદી અને સરલ તેમજ સુંદર મોટા ટાઇપમાં પ્રકટ થયેલ છે. કિંમત દોઢ આનો. બાળકોના પ્રાથમિક શિક્ષણ માટે ઉપયોગી બનેલ છે.

૬. **સમ્રાટ ખારવેલ**–સાંગલી–શ્રી વીરગ્રંથમાળાના નવમા પુષ્પ તરીકે મરાઠી ભાષામાં પ્રકટ કરેલ છે. ઘણેભાગે જૈનોનો સંક્ષિપ્ત ઇતિહાસ બાબુ શ્રી કામતાપ્રસાદજી એમ. એ આર. એસે લખેલ તે તથા બીજા ગ્રંથો પાસે રાખી લખેલ છે જે મરાઠી ભાષાના જાણકાર માટે ઉપયોગી છે. કિંમત પાંચ આના. પ્રકાશકને ત્યાંથી મળશે.

૭. **શ્રી વિવિધ પૂજા સંગ્રહ** ભાગ એકથી સાત. પ્રકાશક, માસ્તર પોપટલાલ સાકરચંદ શાહ, અમદાવાદ ( ફીકાભટ્ટની પોળ ). સુંદર ગુજરાતી મોટા ટાઇપમાં સ્નાત્રપૂજા ચાર વિધિ સહિત, તેમજ ૪૭ પૂજાઓ વિધિ સહિત જુદા જુદા વિદ્વાન મુનિમહારાજાઓની કૃતિની તથા શાંતિજિન કળશ વગેરેનો આ સાત ભાગમાં અને ૮૧૪ પાનાના આ દળદાર ગ્રંથમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ પૂજા સગ્રહ કેમ વધારે શુદ્ધ છપાય તેની પણ બને તેટલી કાળજી પ્રકાશકે રાખી છે તેમ અવલોકન કરતાં જણાય છે. આધુનિક ભણાતી કેટલીક પૂજાનો આ ગ્રંથમાં સમાવેશ કરવામાં આવ્યો છે. બાઇંડીંગ કપડાનું પાકું યોગ્ય કર્યું છે. આવા દળદાર ગ્રંથની કિંમત રૂા. ૧-૧૦-૦ પણ યોગ્ય લાગે છે. ખપીઓએ આ ગ્રંથ ખાસ લેવા જેવો છે. પ્રકાશકને ત્યાંથી મળી શકશે. બીજી આવૃતિ વખતે કેટલી રહી ગયેલ પૂજાઓ પણ છાપવા પ્રકાશકને સૂચના કરીએ છીએ.

૮. **તરૂણ જૈન–અહિંસા અંક** : સંપાદક : **વિજયસિંહ નાહર, ભેંવરમલ સિંધિ** (જાન્યુઆરી ફેબ્રુઆરી અંક ). આ અંકમાં શ્રી શ્વેતાંબર મૂર્ત્તિપૂજક સમાજ, શ્રી સ્થાનકવાસી સમાજ, તેરાપંથી સમાજના મુનિરાજો તેમજ જુદા જુદા જૈન બંધુઓ–લેખકોના અહિંસા સંબંધી લેખો અને વિચારોનો સંગ્રહ હિંદી ભાષામાં કરવામાં આવ્યો છે. (આ માસિકનું વાર્ષિક મૂલ્ય રૂા. ૩–૮–૦ છે. ૪૮ ઈન્ડીયન મિરર સ્ટ્રીટ–કલકત્તા)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મુનિરાજશ્રી હિંમતવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય આચાર્યશ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજના સુશિષ્ય **મુનિરાજ શ્રી હિંમતવિજયજી** મહારાજ ૮૩ વર્ષની ઉમરે ૪૧ વર્ષ સુધી નિરતિચારપણે ચારિત્ર પાળી વૈશાક વદિ ૨ના રોજ થોડા વખતની બિમારી ભોગવી કાળધર્મ પામ્યા છે. શ્રી હિંમતવિજયજી મહારાજ સરલ હૃદયી, ચારિત્રપાત્ર મુનિરત્ન હતા. તેઓશ્રીના સ્વર્ગવાસથી એક મુનિરત્નની ખોટ પડી છે. તેઓશ્રીના પવિત્ર આત્માને અખંડ-અનંત શાંતિ પ્રાપ્ત થાઓ, એમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

## ભાઇ દામોદરદાસ ભીખાભાઇનો સ્વર્ગવાસ.

ભાઇ દામોદરદાસ થોડા સમયની બિમારી ભોગવી તા. ૧૬-૫-૪૧ના રોજ પંચત્વ પામ્યા છે. તેઓ સ્વભાવે મિલનસાર, માયાળુ, દેવગુરુધર્મ પ્રત્યે શ્રદ્ધાવાળા હતા. તેઓ આ સભાના તો ઘણા વખતથી સભાસદ હતા. તેમના સ્વર્ગવાસથી આ સભાને તો એક લાયક સભાસદની ખોટ પડી છે. તેમના કુટુંબને દિલાસો દેવા સાથે તેમના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ, તેમ ઇચ્છીએ છીએ.

# કર્મગ્રંથ ભાગ ૧-૨ સંપૂર્ણ.

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત પ્રથમ ભાગ રૂા. ૨-૦-૦**

**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪-૦-૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના સંકલના વિદ્વત્તાપૂર્ણ કરવામાં આવેલ છે. જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોષ, શ્વેતાંબરીય કર્મતત્ત્વ વિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટ્રીક કાગળો ઉપર સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઇંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. કિંમત બંનેના રૂા. ૬-૦-૦. પોસ્ટેજ જુદું.

---

## નીચેના પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથોની ઘણી અલ્પ નકલો જ સિલિકે છે, જેથી જલદી મંગાવવા સૂચના છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) વસુદેવ હિંડિ પ્રથમ ભાગ | | રૂા. ૩-૮-૦ | (૬) બૃહત્કલ્પસૂત્ર | ભા. ૪ થો | રૂા. ૬-૪-૦ |
| (૨) ,, | દ્વિતીય ભાગ | રૂા. ૩-૮-૦ | (૭) ,, | ભા. ૫ મો | રૂા. ૫-૦-૦ |
| (૩) બૃહત્કલ્પસૂત્ર | ભા. ૧ લો | રૂા. ૪-૦-૦ | (૮) શ્રી દેવેન્દ્રસૂરિકૃત ચાર કર્મગ્રંથ | | રૂા. ૨-૦-૦ |
| (૪) ,, | ભા. ૨ જો | રૂા. ૬-૦-૦ | (૯) પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ | ભા. ૨ જો | રૂા. ૪-૦-૦ |
| (૫) ,, | ભા. ૩ જો | રૂા. ૫-૮-૦ | | | |

(૧૦) ત્રિષષ્ઠિશ્લાકા પુરુષ ચરિત્ર પર્વ ૧ લું પ્રતાકારે તથા બુકાકારે રૂા. ૧-૮-૦

( આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## શ્રી ઉપયોગી સુંદર ચરિત્ર—

# સતી સુરસુંદરી ચરિત્ર.

( લેખક : રા. સુશીલ )

**( રાગરૂપી આગ અને દ્વેષરૂપી કાળાનાગને શાંત કરવામાં જળ અને મંત્રની ઉપમાને યોગ્ય અદ્‌ભુત રસિક કથાગ્રંથ. )**

આ શ્રી ઉપયોગી કથાની રચના જૈન કથાસાહિત્યમાં બહુ જ આદરને પાત્ર મનાય છે. વૈરથી ધગધગતા અને રાગ-મોહથી મૂંઝાતા હૈયાને શાંત બનાવવાની કલાકુશળતા અને તાર્કિકતા કર્તા વિદ્વાન મહારાજે આ ગ્રંથમાં અદ્‌ભુત રીતે બતાવી છે,

કથારસિક વાચકવર્ગ કંટાળી ન જાય તે માટે પ્રથમ કથા-ચરિત્ર પછી કેવળી ભગવાનની ઉપદેશધારા અને તે પછી પ્રાસંગિક નૈતિક ઉપદેશશ્લોકો ( મૂળ સાથે ભાષાંતર ) સુધાબિંદુ એ પ્રમાણે ગોઠવીને ગ્રંથ આધુનિક પદ્ધતિએ મૂળ આશય સાચવી તૈયાર કરેલ છે.

રસદષ્ટિ, ઉપદેશ, ચરિત્ર-કથા અને પ્રાચીન સાહિત્યની દષ્ટિએ આ ગ્રંથ એક કિંમતી અણમોલ અને અનુપમ ગ્રંથ છે. એન્ટીક પેપર ઉપર સુંદર અક્ષરો અને રેશમી કપડાના સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૧-૮-૦ પોસ્ટેજ અલગ.

---

# નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ:

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિત્ય પાઠ કરવા લાયક નવસ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર તથા રત્નાકર પચ્ચીશી અને બે યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આપેલ છે. ઊંચા કાગળો, ઉપર જૈની સુંદર અક્ષરોથી છપાયેલ છે. શ્રી મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામી અને બે પૂજ્યપાદ ગુરુમહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિ નિમિત્તે સાથે આપવામાં આવેલ છે. કિંમત માત્ર રૂા. ૦-૪-૦ ચાર આના તથા પોસ્ટેજ રૂા. ૦-૧-૩ મળી મંગાવનારે રૂા. ૦-૫-૩ ની ટિકિટો એક બુક માટે મોકલવી.

---

## ગુજરાતી ગ્રંથો.

**નીચેના ગુજરાતી ભાષાના કથાના સુંદર પુસ્તકો પણ સિલિકે ઓછા છે. વાંચવાથી આહ્‌લાદ ઉત્પન્ન કરે તેવા છે. મનુષ્ય સંસ્કારી, ચારિત્રવાન બનતાં આત્મકલ્યાણ સાધી શકે છે. મંગાવી ખાત્રી કરો. બધા પુસ્તકો સુંદર અક્ષરોમાં સુશોભિત કપડાંના પાકા બાઇન્ડીંગથી અલંકૃત અને કેટલાક તો સુંદર ચિત્રો સહિત છે.**

(૧) શ્રી ચંપકમાળા ચરિત્ર રૂા. ૦-૮-૦
(૨) શ્રી સમ્યક્ત્વ કૌમુદી રૂા. ૧-૦-૦
(૩) શ્રી ઉપદેશ સપ્તતિકા રૂા. ૧-૦-૦
(૪) સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા રૂા. ૧-૦-૦
(૫) શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર રૂા. ૨-૦-૦
(૬) શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧ લો રૂા. ૨-૦-૦
(૭) ,, ભા. ૨ જો રૂા ૨-૮-૦
(૮) આદર્શ જૈન સ્ત્રીરત્નો રૂા. ૨-૦-૦
(૯) શ્રી દાનપ્રદીપ રૂા. ૩-૦-૦
(૧૦) કુમારપાળ પ્રતિબોધ રૂા ૩-૧૨-૦
(૧૧) જૈન નરરત્ન ભામાશાહ રૂા ૨-૦-૦
(૧૨) શ્રી વિમલનાથ ચરિત્ર રૂા ૧-૧૨-૦
(૧૩) શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર રૂા ૧-૧૨-૦
(૧૪) સુકૃતસાગર (પૃથ્વીકુમાર ચરિત્ર) રૂા ૧-૦-૦
(૧૫) શ્રી પ્રભાવક ચરિત્ર રૂા ૨-૮-૦
(૧૬) શ્રીપાળરાજાનો રાસ સચિત્ર અર્થ સહિત સાદું પૂંઠું રૂા ૧-૪-૦
,, રેશમી પૂંઠું રૂા ૨-૦-૦
(૧૭) સતી સુરસુંદરી ચરિત્ર રૂા ૧-૮-૦
(૧૮) શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર રૂા ૦-૨-૦
(૧૯) ,, સોળમો ઉદ્ધાર રૂા ૦-૪-૦
(૨૦) શ્રી તીર્થંકર ચરિત્ર રૂા ૦ ૧૦ ૦
(૨૧) શ્રી મહાવીર ચરિત્ર રૂા ૩-૦-૦
(૨૨) શ્રી વાસુપૂજ્ય ચરિત્ર રૂા. ૨-૮-૦

For Private And Personal Use Only